CMYK CMYK
RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
BHAVNAGAR
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫
● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૪ ગુરૂવાર તા.૧૮-૦૬-૨૦૨૬ અંક : ૧૯૨ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# યુદ્ધનો અંત લાવવા અમેરિકા અને ઈરાન વચ્ચે થયા કરાર

## ૧૪ મુદ્દાના શાંતિ કરાર ઉપર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની હાજરીમાં કર્યા હસ્તાક્ષર

વર્સેલ્સ

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે દુશ્મનાવટનો અંત લાવવા માટે એક કરાર પર હસ્તાક્ષર થયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન વચ્ચે થયેલ આ કરાર પ્રાદેશિક તણાવ ઓછો કરવાના નક્કર સંકેતો આપે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને આ કરારને શાંતિ તરફ એક મોટું પગલું ગણાવ્યું છે.



પશ્ચિમ એશિયામાં ૧૧૧ દિવસથી ચાલી રહેલા તણાવનો અંત લાવવાના નક્કર સંકેતો છે. ૭૭ સમિટ માટે ફ્રાન્સની મુલાકાતે આવેલા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ફ્રેન્ચ સમકક્ષ મેક્રોનની હાજરીમાં વર્સેલ્સમાં યુદ્ધનો અંત લાવવાના કરાર પર હસ્તાક્ષર કર્યા. રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને ઈરાન વતી હસ્તાક્ષર કર્યા. જોકે, પેઝેશ્કિયાન તેહરાનમાં રહ્યા, અને પ્રક્રિયા ડિજિટલી પૂર્ણ થઈ. હસ્તાક્ષરિત સમજૂતી પત્રમાં ૧૪ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ પગલાનું સ્વાગત કર્યું, તેને સ્થાયી શાંતિ તરફ એક મુખ્ય અને જરૂરી પગલું ગણાવ્યું. આ કરાર હેઠળ, હોર્મુઝ સ્ટ્રેટને વાણિજ્યિક જહાજો માટે ફરીથી ખોલવામાં આવશે. આનાથી વૈશ્વિક તેલ અને ઉર્જાના ભાવમાં ઘટાડો થવાની અને વૈશ્વિક બજારને રાહત મળવાની અપેક્ષા છે.

વ્હાઈટ હાઉસે એક વીડિયો પણ બહાર પાડ્યો છે જેમાં ટ્રમ્પ મેક્રોન સાથે બેસીને દસ્તાવેજ પર હસ્તાક્ષર કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિઆને આ ૧૪-મુદ્દાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. પેઝેશ્કિઆને વર્ચ્યુઅલી એટલે કે ઓનલાઈન હસ્તાક્ષર કર્યા હતા. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેની દુશ્મનાવટનો અંત લાવવાનો છે. આ કરાર તાત્કાલિક અમલમાં આવે છે.

ઓમાન અને અન્ય ઘણા દેશોએ વાટાઘાટોમાં મદદ કરી. ઈરાનના વિદેશ મંત્રાલયે પણ આ કરાર પૂર્ણ થવાની પુષ્ટિ કરી છે.

આ ૧૪-મુદ્દાના કરારમાં ઘણા મુખ્ય નિર્ણયો શામેલ છે. પ્રથમ, બંને દેશો લેબનોન સહિત તમામ લશ્કરી કામગીરી તાત્કાલિક બંધ કરશે. અંતિમ અને સંપૂર્ણ કરાર પર પહોંચવાની પ્રક્રિયા આગામી ૬૦ દિવસમાં શરૂ થશે. અમેરિકા તેની નૌકાદળ નાકાબંધી હટાવશે. આનાથી વેપારી જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શકશે.આ કરાર ઈરાનને નોંધપાત્ર આર્થિક રાહત આપે છે. ઈરાન પર લાદવામાં આવેલા પ્રતિબંધો ધીમે ધીમે હટાવવામાં આવશે.

## શાંતિ કરારમાં હોર્મુઝની ખાડી અંગેના મુદ્દાએ વધાર્યું વિશ્વના દેશોનું ટેન્શન

### કરારની શરતો મુજબ ફાઈનલ ડીલ થયા બાદ વાણિજ્યિક જહાજો પાસેથી ટોલ વસૂલવાની નીતિ અમલી બની શકે

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન દ્વારા હસ્તાક્ષર કરાયેલા શરતોના ડ્રાફ્ટને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. આ કરારમાં હોર્મુઝની ખાડીને ફરીથી ખોલવા અને ઈરાન પરના આર્થિક પ્રતિબંધો હળવા કરવા જેવી બાબતો સામેલ છે. જોકે, આ ૧૪ પોઈન્ટના કરારમાંથી પાંચમો પોઈન્ટ સૌથી વધુ ધ્યાન ખેંચી રહ્યો છે, કારણ કે તેમાં હાલમાં તો જહાજો પર કોઈ ટોલ ટેક્સ ન લગાવવાનો ઉલ્લેખ છે, પરંતુ ભવિષ્યમાં ટોલ વસૂલવાની સંભાવનાઓને પણ નકારી શકાતી નથી. કરારના સત્તાવાર દસ્તાવેજના ૫મા મુદ્દામાં જણાવ્યા અનુસાર, 'આ કરાર પર હસ્તાક્ષર થયા બાદ ઈરાન એ સુનિશ્ચિત કરવાના તમામ પ્રયાસો કરશે કે કોમર્શિયલ (વાણિજ્યિક) જહાજો કોઈપણ પ્રકારના ટોલ ટેક્સ વગર માત્ર ૬૦ દિવસ માટે પર્શિયન ખાડીથી ઓમાન સાગર અને ઓમાન સાગરથી પર્શિયન ખાડી સુધી સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.'આ મુદ્દામાં વધુમાં સ્પષ્ટતા કરાઈ છે કે, જહાજોની આ અવરજવર તાત્કાલિક અસરથી શરૂ કરી દેવામાં આવશે.



ભારતમાં ટકાઉ ખેતી પદ્ધતિઓ અને ખેતીલાયક જમીનના રક્ષણને પ્રોત્સાહન આપવા માટે શ્રીનગરના દાલ તળાવ પર એક બોટ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ૧ થી ૬ ઈંચ વરસાદ

### મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં સૌથી વધુ છ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ : પંચમહાલ, વડોદરા સહિતના જિલ્લાઓમાં પડયો વરસાદ

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં મધ્ય અને ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં સૌથી વધુ પોણા ૬ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે.

આ ઉપરાંત અરવલ્લી, ખેડા, પંચમહાલ અને વડોદરા જિલ્લાના અનેક તાલુકાઓમાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે, જેના કારણે ગરમીથી રાહત મળવાની સાથે ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

સરકારી આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં મહીસાગરના બાલાસિનોરમાં સૌથી વધુ ૧૪૭ મીમી (૫.૭૯ ઈંચ) વરસાદ નોંધાયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.અરવલ્લી જિલ્લાના ભિલોડામાં ૭૫ મીમી (૨.૯૫ ઈંચ) અને ધનસુરામાં ૬૬ મીમી (૨.૬૦ ઈંચ) વરસાદ પડ્યો છે, જ્યારે સાઠંબા, બાયડ અને મોડાસામાં પણ



હળવોથી મધ્યમ વરસાદ ચાલુ રહ્યો છે. બીજી તરફ, ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં ૫૭ મીમી અને કપડવંજમાં ૫૫ મીમી વરસાદ ખાબક્યો છે. નડિયાદ, મહુધા અને કઠલાલમાં પણ વરસાદી માહોલ જામ્યો છે.

આ ઉપરાંત અન્ય વિસ્તારોની વાત કરીએ તો, મહેસાણાના સતલાસણા તાલુકામાં ૭૩ મીમી (૨.૮૭ ઈંચ) અને ખેરાલુમાં ૨૦ મીમી વરસાદ નોંધાયો છે. વડોદરાના દેસરમાં ૫૩ મીમી, જ્યારે પંચમહાલના ઘોઘંબામાં ૫૨ મીમી અને જાંબુઘોડામાં ૫૧ મીમી વરસાદ નોંધાયો છે. આ સાથે જ ગોધરા અને હાલોલમાં પણ વરસાદી ઝાપટાં પડ્યા છે. છોટાઉદેપુરના કડવાલમાં ૪૯ મીમી વરસાદ થયો છે, જ્યારે દાહોદના દેવગઢબારિયા અને ધાનપુરમાં ધીમી ધારે વરસાદ થયો હતો.

## દક્ષિણથી લઈને ઉત્તર ભારતમાં નૈઋત્યના ચોમાસાની ગતિવિધિ

### ભારતના અનેક રાજ્યોમાં વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી

ભારતમાં ધીમે ધીમે ચોમાસાનું વાતાવરણ બની રહ્યું છે. દક્ષિણથી લઈને ઉત્તર ભારત સુધી વરસાદની અસર જોવા મળી રહી છે. કેરળ અને તમિલનાડુમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે કેટલાક સ્થળો પર ભારે વરસાદની સંભાવના બનેલી છે. ત્યાં જ કર્ણાટક, આંધ્રપ્રદેશ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ, પશ્ચિમી હિમાલયન ક્ષેત્ર, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં પણ વરસાદનો દોર ચાલુ રહી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ઉત્તર ભારતમાં દિલ્હી, પંજાબ અને હરિયાણામાં વાદળોની અવરજવરની સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. મધ્યપ્રદેશ, દક્ષિણ છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, વિદર્ભ તેમજ કોંકણ અને ગોવામાં પણ જુદા-જુદા સ્થળો પર હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ ચોમાસુંને તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના કેટલાક વધુ ભાગોમાં આગામી ૪ થી ૫ દિવસો દરમિયાન આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ બનેલી છે. તેનો અર્થ એ છે કે આગામી દિવસોમાં ચોમાસાનો વ્યાપ વધુ ઝડપથી વિસ્તરી શકે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે હવામાન પ્રણાલી સતત સક્રિય બનેલી છે, જેના કારણે દેશના વિવિધ ભાગોમાં ભેજ અને વાદળોનો પ્રભાવ બનેલો છે. આ સ્થિતિમાં ક્યાંક હળવો તો ક્યાંક મધ્યમ વરસાદ જોવા મળી શકે છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના પણ બનેલી છે. હવામાન વિભાગે ૧૮ જૂનથી ઉત્તર-પશ્ચિમ ભારતની નજીક એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પહોંચવાની સંભાવના પણ વ્યક્ત કરી છે, જેનાથી આગામી દિવસોમાં હવામાનની સ્થિતિ વધુ પ્રભાવિત થઈ શકે છે.

## હિમાચલ પ્રદેશમાં બોલેરો વાહન ખીણમાં પડી જતા સાત લોકોના ઘટના સ્થળે મોત

### મુંડન સમારોહમાંથી પરત ફરી રહેલા પરિવારને નડ્યો અકસ્માત

ચંબા

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ચંબા-માસરુંદ રોડ પર છત્રુંડ નજીક આજે એક બોલેરો વાહન કાબુ ગુમાવી દેતાં ૫૦૦ મીટર ઊંડા ખાડામાં પડી ગયું. તેમાં સવાર તમામ સાત લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ અકસ્માતથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, બોલેરો (HP-01C-2581)માં ગ્રામ મહલ પંચાયતના સપ્રોથ ગામના છ લોકો, ત્રણ મહિલાઓ અને ત્રણ પુરુષો સવાર હતા, જે ડ્રાઈવર સાથે હતા. તેઓ કાકડોથા ગામમાં મુંડન સમારોહમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યા હતા. છત્રુંડ નજીક વાહન કાબુ ગુમાવી દીધું અને રસ્તા પરથી ઉતરી ગયું અને ખાડામાં પડી ગયું. ખાડો આશરે ૫૦૦ મીટર ઊંડો હોવાનો અંદાજ છે.

અકસ્માતની માહિતી મળતાં, સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અને ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા. બચાવ અને રાહત કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી. ભારે મુશ્કેલીથી તમામ સાતેય મૃતદેહોને ઊંડા કોતરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે જેથી મૃત્યુનું કારણ જાણી શકાય.

વહીવટીતંત્રે આ ભયાનક અકસ્માતની તપાસ શરૂ કરી છે. અકસ્માતનું કારણ નક્કી કરવા માટે પ્રાથમિક પ્રયાસો ચાલી રહ્યા છે. રસ્તાની સ્થિતિ, વાહનની ગતિ અથવા યાંત્રિક ખામી જેવા સંભવિત કારણોની તપાસ કરવામાં આવી રહી છે.




CMYK CMYK

# રાજ્યવ્યાપી ડ્રગ્સ વિરોધી અભિયાન ચલાવવા રાજ્ય પોલીસ વડાનો આદેશ; સ્થાનિક પોલીસને પણ NDPS કેસો નોંધવાની જવાબદારી

## ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે ગુજરાત સરકારની ઝીરો-ટોલરન્સ નીતિ અને નશીલા પદાર્થોના વેપાર તથા દુરુપયોગ સામે કડક અભિગમ

ગાંધીનગર,

નશીલા પદાર્થો (ડ્રગ્સ) સામેની લડતને વધુ આક્રમક બનાવવાનાં સંકેતરૂપે ગુજરાત પોલીસે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટાન્સિસ (NDPS) અધિનિયમ હેઠળની અમલવારી વધુ સઘન બનાવવાનો તથા રાજ્યભરમાં ડ્રગ્સ વિરોધી માળખાકીય વ્યવસ્થાનો વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે.

ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્ય પોલીસ વડા (DGP) શ્રી જી.એસ. મલિકે તમામ પોલીસ એકમોને ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે વધુ સક્રિય અભિગમ અપનાવવા તથા સરકારની નીતિ અનુસાર ઓછી માત્રામાં નશીલા પદાર્થો મળતા કેસોમાં પણ કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.

રાજ્યના પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડ્રગ્સના વેપારીઓ અને પેડલરો પર સતત નજર રાખી, ગુપ્તચર માહિતી આધારિત કાર્યવાહી અને કડક અમલવારી દ્વારા ધોંસ બોલાવવા માટે જણાવ્યુ હતું. જેથી ડ્રગ્સના નેટવર્કને તોડી શકાય અને નશીલા પદાર્થોના ફેલાવાને અટકાવી શકાય. એક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણય હેઠળ હવે NDPS ગુનાઓ શોધવાની અને નોંધવાની જવાબદારી માત્ર ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) પૂરતી મર્યાદિત રહેશે નહીં. પરંતુ રાજ્યના તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનોને તેમના વિસ્તારની અંદર ડ્રગ્સ સંબંધિત ગુનાઓ શોધવા, પકડવા અને નોંધવા માટે સક્રિય ભૂમિકા ભજવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ સાથે ડ્રગ્સ વિરોધી કામગીરીને સ્થાનિક સ્તરે પોલીસિંગની મુખ્ય જવાબદારી બનાવવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ના નેતૃત્વમાં ગુજરાતે ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે ઝીરો-ટોલરન્સ નીતિ અપનાવી છે અને નશીલા પદાર્થોના વેપાર તથા દુરુપયોગ સામે કડક વલણ અપનાવ્યું છે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે જો કોઈ બાહ્ય એજન્સી દ્વારા કોઈ પોલીસ સ્ટેશનની હદમાં દ્રહ્ઢજી ગુનો નોંધાશે તો સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે.

અમલવારી દરમિયાન પકડાયેલા ડ્રગ્સના વ્યસનીઓની પણ વિસ્તૃત પૂછપરછ કરવા માટે પોલીસ કર્મચારીઓને સૂચના આપવામાં આવી છે, જેથી સપ્લાય ચેઈન સુધી પહોંચી શકાય, સપ્લાયરોની ઓળખ કરી શકાય અને મોટા ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરી શકાય. નશીલા પદાર્થોના વેચાણ, વિતરણ અને હેરફેર સાથે સંકળાયેલા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત પોલીસ કાઉન્સેલિંગ અને પુનર્વસન માટે સહાય કરશે

કાયદાકીય કાર્યવાહી સાથે સાથે ગુજરાત પોલીસ નશાની લતથી પ્રભાવિત વ્યક્તિઓ માટે કાઉન્સેલિંગ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સહયોગ આપશે,.

# અમદાવાદમાં CA દંપતીએ શેરબજારના નામે કૌટુંબિક સભ્યો સાથે કરી ૧૦ કરોડથી વધુની ઠગાઈ

ગાંધીનગર,

શેરબજારમાં રોકાણ પર ઊંચા નફાની લાલચ કરનાર લોકોને કરોડો ગુમાવા પડ્યા છે; અમદાવાદ શહેરમાં ૧૦ કરોડથી વધુની છેતરપિંડી આચરવાના એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. જગતપુર અને ગાંધીનગરમાં ઝછ ફર્મ ચલાવતા જવલીન નાયક અને તેની પત્ની બોસકી નાયકે આયોજનપૂર્વક પોતાના કૌટુંબિક મામા કૌશલ નાયક પાસેથી ૫.૯૧ કરોડ અને તેમના અન્ય સંબંધીઓ પાસેથી ૪.૪૪ કરોડ ખંખેરી લીધા હતા. આમ, કુલ ૧૦.૩૬ કરોડથી વધુ રકમ પડાવીને આ ઠગ દંપતીએ મોટી છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં, આરોપીઓએ છેતરપિંડીના હેતુથી ફરિયાદીના નામે એક બોગસ કંપની પણ ઊભી કરી દીધી હતી.

આ સમગ્ર કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે ફરિયાદી કૌશલ નાયકે પોતાની દીકરીના યુએસએના વિઝા મેળવવા માટે આરોપીઓ પાસે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીઓએ રૂપિયા આપવાના બદલે ફરિયાદીના બેંક એકાઉન્ટમાં ૫૦ લાખ જમા કરાવ્યા હોવાની એક બોગસ બેંક સ્લીપ પકડાવી દીધી હતી. આ અંગે જાણ થતાં આખરે ઈકોનોમિક ઓફેન્સ વિંગમાં ગુનો નોંધવામાં આવ્યો હતો અને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જવલીન અને બોસકીની ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૨૧મી જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા છે અને હવે તેઓએ આ ૧૦ કરોડથી વધુની રકમનું ક્યાં રોકાણ કર્યું છે તે અંગેની સઘન તપાસ શરૂ કરી છે.

આ અંગે ઈકોનોમિક ઓફેન્સ વિંગના એસીપી એ જણાવ્યું હતું કે, 'અમારી પાસે કૌશલ નાયક નામના વ્યક્તિએ પોતાના જ કુટુંબી ભાણિયા જોય ઉર્ફે જયપ્રકાશ નાયક અને તેની પત્ની બોસકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ બંને આરોપીઓ વ્યવસાયે ઝછ છે અને તેમણે ફરિયાદીને મોટી કંપનીઓ સાથે કરાર હોવાનું જણાવી શેર માર્કેટમાં રોકાણ કરીને ૫૦% અથવા તો મહિને ૩% જેટલો નફો કમાઈ આપવાની લાલચ આપી હતી.

# દારૂ, ડ્રિંક એન્ડ ડ્રાઈવ અને શંકાસ્પદ તત્વો પર પોલીસની તવાઈ : અમદાવાદ ઝોન-૬માં મેગા ચેકિંગ

## ૧૦૦થી વધુ પાનના ગલ્લાઓ તેમજ ૬૦થી વધુ મેડિકલ સ્ટોર્સની પણ તપાસ કરવામાં આવી



અમદાવાદ,

પોલીસના ઝોન-૬ દ્વારા ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ વ્યાપક કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનાવવા તેમજ અસામાજિક તત્વો પર નિયંત્રણ મેળવવાના હેતુથી વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને તપાસ કરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન પ્રતિબંધિત દારૂના કબજાના ૩ કેસ અને દારૂ પીવાના ૨ કેસ નોંધવામાં આવ્યા હતા. ઉપરાંત, પોલીસ દ્વારા ૩૧ હિસ્ટ્રીશીટરો, ૪૫ સ્ઝઇ હેઠળ નોંધાયેલા ઈસમો, ૩૪ લિસ્ટેડ બુટલેગરો, ૭ લિસ્ટેડ જુગારીઓ અને ૭ તડીપાર કરાયેલા ઈસમોની ચકાસણી કરવામાં આવી હતી.

# શાળા શરૂ થયાને ૧૦ દિવસ થયા છતાં લાખો વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોથી વંચિત : કોંગ્રેસ

## કોંગ્રેસે રાજ્ય સરકારની નીતિઓ અને શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી પર આકરા પ્રહારો કર્યા

અમદાવાદ,

ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ રાજ્યની શિક્ષણ વ્યવસ્થાને લઈને એક મોટો વિવાદ સામે આવ્યો છે. ત્યારે રાજ્ય સરકારની નીતિઓ અને શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી પર આકરા પ્રહારો કર્યા છે. શાળાઓ શરૂ થયાને ૧૦ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં, રાજ્યના લાખો વિદ્યાર્થીઓ સુધી હજુ સુધી પાઠ્યપુસ્તકો પહોંચ્યા નથી.

હેમાંગ રાવલે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, પુસ્તકો ન મળવાને કારણે ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે પરંતુ પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓનો અભ્યાસ સંપૂર્ણપણે અટકી પડ્યો છે. પુસ્તકો વિના શિક્ષકોને પણ નવો અભ્યાસક્રમ ચલાવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

કોંગ્રેસે આંકડાકીય માહિતી આપતા ગંભીર આક્ષેપ કર્યો છે કે રાજ્યના કુલ ૨૦૮ સપ્લાય રૂટમાંથી માત્ર ૧૫ રૂટ પર જ પુસ્તકો પહોંચાડવામાં આવ્યા છે. બાકીના ૧૯૩ રૂટ અને રાજ્યના ૪૦૦થી વધુ વિતરણ કેન્દ્રો પર હજુ સુધી પુસ્તકોનો પત્તો જ નથી. સૌથી આઘાતજનક બાબત એ છે કે ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટેના વિનામૂલ્યે પાઠ્યપુસ્તકોનું છાપકામ પણ હજુ સુધી પૂર્ણ થયું નથી.

હેમાંગ રાવલે સરકારની દાનત પર સવાલ ઉઠાવતા કહ્યું કે, બજારમાં જે પુસ્તકો પૈસા દઈને વેચવાના છે, તેનું છાપકામ સમયસર પૂરું થઈ ગયું અને તે બજારમાં ઉપલબ્ધ પણ થઈ ગયા છે. પરંતુ, સરકારી શાળાઓમાં ભણતા એસસી એસટી આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ, જેમને મફત પુસ્તકો મળવાના છે, તેમના પુસ્તકો અટકાવી દેવાયા છે. આ સીધો પક્ષપાત અને ગરીબ વિરોધી માનસિકતા દર્શાવે છે.

એક તરફ સરકાર 'નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક' જેવા ભવ્ય અને કરોડોના ખર્ચે કાર્યક્રમો કરીને શિક્ષણમાં અમૂલ પરિવર્તનના મોટા-મોટા દાવાઓ કરે છે, અને બીજી તરફ વાસ્તવિકતા એ છે કે ગરીબ બાળકો પાસે ભણવા માટે પુસ્તકો પણ નથી. રાજ્યમાં શાળાઓ ૬ જૂનથી શરૂ થઈ ગઈ હોવા છતાં, ૧૬ જૂન સુધી પુસ્તકો ન પહોંચવા તે વહીવટી તંત્રની નિષ્ફળતા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલો મોટો અન્યાય છે. આ મામલામાં માત્ર વહીવટી બેદરકારી જ નહીં, પરંતુ મોટી અન્યાયી નીતિઓ અને સંભવિત કૌભાંડની આશંકા પણ સેવાઈ રહી છે.

કોંગ્રેસે માંગ કરી છે કે સરકારે કોઈ પણ જાતના વિલંબ વિના યુદ્ધના ધોરણે પાઠ્યપુસ્તકોનું વિતરણ તાત્કાલિક પૂરું કરવું જોઈએ.

# નિયમોના ભંગ બદલ એસજી હાઈવે અને બોડકદેવની ૬ જાણીતી હોટેલો સીલ

## કોર્પોરેશનની કાર્યવાહીથી હોટેલ અને રેસ્ટોરન્ટ જગતમાં ફફડાટ

અમદાવાદ,

શહેરમાં આગની દુર્ઘટનાઓ અટકાવવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એએમસીએ કડક ઝુંબેશ શરૂ કરી છે. ફાયર સેફટીના નિયમોનું ઉલ્લંઘન કરનારી ૬ જાણીતી હોટેલોને તાત્કાલિક ધોરણે સીલ કરી દેવામાં આવી છે. કોર્પોરેશનની આ આકરી કાર્યવાહીથી હોટેલ અને રેસ્ટોરન્ટ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે.

એએમસીની ફાયર ઈમરજન્સી અને એસ્ટેટ વિભાગની નોર્થ-વેસ્ટ ઝોનની ટીમે પશ્ચિમ વિસ્તારના મુખ્ય વ્યાપારી કેન્દ્રો પર વિશેષ ઓડિટ હાથ ધર્યું હતું. આ તપાસ ગુજરાત ફાયર એક્ટ, જીડીસીઆર, એનબીસી અને બીઆઈએસની કડક માર્ગદર્શિકાઓ હેઠળ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન હોટેલોના કિચન, ફાયર ફાઈટિંગ સિસ્ટમની કાર્યક્ષમતા, ઈમરજન્સી એક્ઝિટ અને લાઈફ સેફટી વ્યવસ્થાઓમાં ગંભીર ખામીઓ અને નિયમોનો ભંગ જોવા મળ્યો હતો, જેના પગલે તંત્રએ સીલિંગના કડક પગલાં ભર્યા હતા.

જે હોટલો સીલ કરવામાં આવી છે તેમાં હોટેલ રુદ્ર (ન્યૂયોર્ક ટાવર, એસ.જી. હાઈવે, થલતેજ), હોટેલ ૪ ફૂડ (થલતેજ), હોટેલ કેપટાઉન (થલતેજ), એપોલો હોટેલ (બોડકદેવ), હોટેલ ગ્રાન્ટ (બોડકદેવ), હોટેલ લેક ઈન (ગુરુકુલ રોડ, વસ્ત્રાપુર)નો સમાવેશ થાય છે.

# મુખ્યમંત્રીના હસ્તે ૫૧ દ્વિચક્રી હેલ્થ યુનિટનું અને ૯ મોબાઈલ હેલ્થ યુનિટનું લોકાર્પણ

## મેડિકલ ટીમો ખાસ દ્વિચક્રી વાહનો અને મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા પહોંચીને લોકોની સારવાર અને આરોગ્ય તપાસ કરશે

અમદાવાદ,

રાજ્યના આદિવાસી અને દૂરદરાજના વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. હવે જ્યાં સુધી પરંપરાગત આરોગ્ય સેવાઓ સરળતાથી પહોંચી શકતી ન હતી, ત્યાં સુધી મેડિકલ ટીમો ખાસ દ્વિચક્રી વાહનો અને મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા પહોંચીને લોકોની સારવાર અને આરોગ્ય તપાસ કરશે.

ગાંધીનગર ખાતે સચિવાલય સંકુલમાંથી ૫૧ દ્વિચક્રી હેલ્થ યુનિટ અને ૯ મોબાઈલ હેલ્થ યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ નવી આરોગ્ય સેવા વ્યવસ્થા દ્વારા એવા વિસ્તારોને આવરી લેવામાં આવશે જ્યાં પહોંચવું મુશ્કેલ છે અને જ્યાં આરોગ્ય સુવિધાઓની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી.

આ મહત્વપૂર્ણ યોજનાનું લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો. ઘણા આદિવાસી અને પર્વતીય વિસ્તારોમાં રસ્તાઓની મર્યાદિત સુવિધાને કારણે મોટા વાહનો પહોંચી શકતા નથી. આવી સ્થિતિમાં દ્વિચક્રી હેલ્થ યુનિટ આરોગ્ય કર્મચારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ વાહનો મારફતે આરોગ્યકર્મીઓ જરૂરી દવાઓ, પ્રાથમિક સારવારની સામગ્રી અને આરોગ્ય તપાસની સુવિધા સાથે સીધા ગામડાં સુધી પહોંચી શકશે.

મોબાઈલ હેલ્થ યુનિટમાં આરોગ્ય તપાસ માટે જરૂરી સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. જેના કારણે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના લોકોને સારવાર માટે શહેરો સુધી લાંબા અંતર કાપવાની જરૂરિયાત ઓછી થશે.

# સુરત : કોસંબા પોલીસ પર હુમલો કરનાર ૮ વોન્ટેડ આરોપીઓની અંતે ધરપકડ

## આરોપીઓએ પોલીસ સાથે ઘર્ષણ કરી જીવલેણ હુમલો કર્યો હતો

સુરત,

રાજ્યના પોલીસ મહાનિર્દેશક દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે જાહેર કરાયેલી ખાસ ઝુંબેશના ભાગરૂપે સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી છે. સુરત રેન્જ આઈજી પ્રેમ વીર સિંહ અને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ એન.જી.પાંચાણીની ટીમે વોન્ટેડ આરોપીઓને દબોચી લેવા માટે અલગ અલગ ટીમો બનાવી ચોક્કસ દિશામાં તપાસ શરૂ કરી હતી.

આ ઝુંબેશ દરમિયાન એલસીબી પીએસઆઈ એચ.સી.મસાણી અને તેમની ટીમને મળેલી ગુપ્ત માહિતીના આધારે ગત તા. ૨૬/૦૨/૨૦૨૬ના રોજ કોસંબા પોલીસ સ્ટેશન હદમાં આવેલા હથોડા ગામે પોલીસ પર હુમલો કરી ફરાર થયેલા ૮ આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી છે.

સુરત જિલ્લા એલસીબી પીઆઇ નરેશ પાંચાણીના જણાવ્યા મુજબ, ગૌવંશ કતલની માહિતીના આધારે કોસંબા પોલીસ હથોડા ગામે તપાસ માટે પહોંચી હતી. તે સમયે આરોપીઓએ પોલીસ સાથે ઘર્ષણ કરી જીવલેણ હુમલો કર્યો હતો. રાયોટિંગ અને હત્યાના પ્રયાસના આ ગંભીર ગુનામાં સંડોવાયેલા અને ત્યારથી ફરાર રહેલા આ આરોપીઓને એલસીબીની ટીમે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં ઉંદર અને અન્ય રોડન્ટ પકડવા માટે ઉપયોગમાં લેવાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ

## પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર,

પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે હવે ઉંદર અને અન્ય રોડન્ટ પકડવા માટે ઉપયોગમાં લેવાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે. આ પ્રતિબંધ હેઠળ ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ તેમજ ઉપયોગ ચારેય બાબતો પર રોક લગાવવામાં આવી છે.

વર્ષોથી ઘર, ઓફિસ, ગોડાઉન, ઉદ્યોગો અને વ્યાવસાયિક સંસ્થાઓમાં ઉંદરોને પકડવા માટે ગ્લુ ટ્રેપનો વ્યાપક ઉપયોગ થતો રહ્યો છે. દેખાવમાં સામાન્ય લાગતા આ ચિપકતા ફંદા પ્રાણીઓ માટે અત્યંત પીડાદાયક સાબિત થતા હોવાનું માનવામાં આવે છે. ગ્લુ ટ્રેપમાં ફસાયેલા ઉંદર કે અન્ય નાના પ્રાણીઓ લાંબા સમય સુધી બહાર નીકળી શકતા નથી. મુક્ત થવાના પ્રયાસમાં તેઓ ખુદને ગંભીર ઈજાઓ પહોંચાડે



છે અને ઘણી વખત ભૂખ, તરસ, થાક અથવા અન્ય કારણોસર મૃત્યું પામે છે. રાજ્ય સરકારના ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આવી પદ્ધતિ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સમાન છે અને તેને રોકવા માટે હવે કડક પગલાં લેવામાં આવશે. આ નિર્ણય પ્રાણી કલ્યાણ સંબંધિત સંસ્થાઓ અને પ્રાણી અધિકાર માટે કાર્યરત સંગઠનો દ્વારા લાંબા સમયથી કરવામાં આવતી માંગણીઓની પૃષ્ઠભૂમિમાં લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

# ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ ખેડૂતોના મુદ્દે લાંબી લડત લડવામાં આવશે : લાલજીભાઈ દેસાઈ

## ખેડૂત આંદોલનમાં આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ સાબિત થઈ

અમદાવાદ,

ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ ખેડૂતોના મુદ્દે લાંબી લડતની જાહેરાત કરતા અખિલ ભારતીય સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ખેડૂત આંદોલનમાં આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ સાબિત થઈ છે. છેલા ૬ મહિના ગામે ગામ જઈ કોંગ્રેસ ના સાથીઓ એ ખેડૂતો ને મળી સોમનાથ ટંકારા માં ટ્રેક્ટર યાત્રા કરી, ખેતરો ની વચ્ચે સોના ની થાળીમાં લોઢાની મેખ નાખી, અમારી લડત ને કારણે ૩૮ લાખ પ્રતિ થાંભલે ૫૫ લાખ આપવાની ઓફર થઈ હતી. વીજ પોલ માં તમને ફાવે તેવું વર્તન નહીં, ૨૦૧૩ ના કાયદા મુજબ બજાર ભાવ ના ૪ ગણા ભાવ આપો, કિસાન કોંગ્રેસ સંઘર્ષ સમિતિ ના નેજા હેઠળ આંદોલન શરૂ થયું હતું, ૧૧૧૧ ટ્રેક્ટર રેલી ની જાહેરાત કરી હતું. ભાજપ અને તેની ભગિની સંસ્થા ભારતીય કિસાન સંઘ એ કારસો કર્યો, આમ આદમી પાર્ટીને સ્પષ્ટ કહ્યું હતું કે સમર્થન કરવું હોય તો ખેડૂતો ના ખેતરમાં જઈ ને કરો, ટ્રેક્ટર રેલી જોઈ આગલા દિવસે જોડાવાની આમ આદમી પાર્ટી જાહેરાત કરે છે, રાજકીય સ્ટંટ કરવા, અને પીઠ માં ખંજર મારવાનું કામ કર્યું હતું. પોલીસ અને ખેડૂતો વચ્ચે લાઠી ચાર્જ ના થાય, મર જવાન મર કિસાન ના થયા માટે અમે ચૂપ રહ્યા, જેલ માં લાલજી દેસાઈ, પાલભાઈ આંબલિયા ગયા હશે અમે ક્યારેય ખેડૂતો પર અત્યાચાર નથી થવા દીધો, પાલભાઈ આંબલિયા ને લીંબડે બાંધી માર્યા હતા છતાં ખેડૂતો ને આંચ આવવા નથી દીધી, આપ પર અમને વિશ્વાસ નથી, એમને જે કરવું હતું તે કર્યું. ખેડૂતો ના મુદ્દા પર અમે લોકો મરણિયો જંગ ખેલવા તૈયાર છીએ. સરકાર ને અનેક ગણી ઘેરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. હવે પછી ની લડાઈ માં કિસાન કોંગ્રેસ ના નેતૃત્વ માં થશે. અમારા પર વિશ્વાસ હોય તો અમારી જોડે આવે નહી તો બીજી કોઈ પાર્ટી પાસે જાય પણ અમે લડીશું.

ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ આગામી કાર્યક્રમોની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષ જયેશ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો ના પ્રશ્ન પર આંદોલન ઊભું થયું હતું. આમ આદમી પાર્ટી દ્વારા આંદોલન ને ગેરમાર્ગે દોર્યું હતું. કાર્યક્રમ ની જાહેરાત પહેલા જ કરી હતી, ૧૫ જૂન નું જે આયોજન થયું હતું તે કરતા પણ વિશેષ પ્રકાર ના આયોજન થશે, ખેડૂતો ના નિરાકરણ માટે કિસાન કોંગ્રેસ દ્વારા તાલુકા કક્ષા એ આવેદન અને ધરણા કરવામાં આવશે.

# રાજ્ય સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજના માટે આજથી ઈ-કુટીર પોર્ટલ નાગરિકો માટે ખુલ્લું મૂકાયું

## ઓનલાઈન ડ્રો અને ડિજિટલ 'ઈ-વાઉચર' પ્રણાલીથી લાભાર્થીઓ મનપસંદ અને ગુણવત્તાયુક્ત ટૂલકીટ જાતે ખરીદી શકશે

ગાંધીનગર,

"માનવ કલ્યાણ યોજના" અંતર્ગત અરજીઓ મેળવવા માટે નાગરિકો માટે આજથી "ઈ-કુટીર પોર્ટલ" ખુલ્લું મૂકવામાં આવ્યું છે. રાજ્યના નાના કારીગરો અને આર્થિક રીતે પછાત વર્ગના પરિવારોને સ્વરોજગારી પૂરી પાડવાના આશય સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ગાંધીનગર ખાતેથી કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના વરદ હસ્તે તેમજ કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં આ



પોર્ટલ વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ પ્રસંગે કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત સરકાર દ્વારા "માનવ કલ્યાણ યોજના"ને સંપૂર્ણપણે ડિજિટલ પ્લેટફોર્મ પર અમલી બનાવવામાં આવી છે. આ નવી વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓની પસંદગી ઓનલાઇન ડ્રો દ્વારા પારદર્શક રીતે કરવામાં આવશે.

અરજદારો આ યોજના હેઠળ જુદા-જુદા ૧૦ ટ્રેડ માટે ઓનલાઈન અરજી કરી શકશે. ખાસ કરીને દિવ્યાંગ ભાઈ-બહેનોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. આ યોજના 'આત્મનિર્ભર ગુજરાત' દ્વારા 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં પાયાની ભૂમિકા ભજવશે અને છેવાડાના માનવીને આર્થિક રીતે સશક્ત બનાવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના નાના કારીગરોને સ્વરોજગારના સાધન-ઓજાર ખરીદવા માટે આ યોજના અંતર્ગત નાણાકીય સહાય રૂપે ઈ-વાઉચર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે લાયકાત ધરાવતા સભ્યો ઓનલાઈન પોર્ટલ https://e-kutir.guja®a.gov.in/ પર જઈને પોતાની અરજી સબમિટ કરી શકશે.

# ભાવનગરના કાળિયારો કચ્છના બન્નીમાં ચિત્તાઓના વસવાટ માટે બનશે સહારો !

## ગુજરાત વન વિભાગનો ઐતિહાસિક પ્રોજેક્ટઃ વેળાવદર પંથકમાંથી ૫૦૦ જેટલા કાળિયાર -બ્લેકબકને કચ્છના બન્ની ઘાસિયા મેદાનમાં સ્થળાંતરિત કરાશેઃ જોકે,અસાધારણ ઝડપ ધરાવતા કાળિયારને પકડવા વન વિભાગ માટે મોટો પડકાર- ૪૫ દિવસની જહેમત પછી પણ ખાસ સફળતા મળી નથી

ભાવનગર,તા.૧૮

ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ઈતિહાસમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને દૂરોગામી નિર્ણય લેવામાં આવ્યો છે. નેશનલ ચિત્તા રિઈન્ટ્રોડક્શન પ્રોગ્રામ અંતર્ગત આગામી ચોમાસા દરમિયાન ચિત્તાઓની પ્રથમ બેચને કચ્છના બન્ની વિસ્તારમાં લાવવાની પ્રબળ સંભાવનાઓ છે. આ ચિત્તાઓ માટે પૂરતો શિકાર અને અનુકૂળ નવું નિવાસસ્થાન તૈયાર કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે ભાવનગરના વેળાવદર અને આસપાસના વિસ્તારોમાંથી આશરે ૫૦૦ જેટલા કાળિયાર (બ્લેકબક) ને કચ્છના બન્ની ઘાસિયા મેદાનમાં



સ્થળાંતરિત કરવામાં આવશે. મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્ક પછી કચ્છનું આ વિશાળ બન્ની મેદાન ચિત્તાઓના વસવાટ માટે ભારતનું બીજું સૌથી મોટું અને આદર્શ સ્થળ સાબિત થવા જઈ રહ્યું છે, જે સમગ્ર ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે.

આ મેગા પ્રોજેક્ટ વન વિભાગ માટે અત્યંત પડકારરૂપ સાબિત થઈ રહ્યો છે. કાળિયાર પોતાની અસાધારણ ઝડપ, ચપળતા અને શરમાળ સ્વભાવ માટે જાણીતા છે, જેના કારણે તેમને બેભાન કર્યા વગર જીવતા પકડવા ખૂબ મુશ્કેલ છે. રાજકોટ વન વિભાગની વિશેષ ટીમો છેલ્લા ૪૫ દિવસથી વેળાવદર અને આસપાસના બિન-સંરક્ષિત ગ્રામ્ય વિસ્તારોમાં રાત-દિવસ ઓપરેશન ચલાવી રહી છે. કાળિયારોને લલચાવવા માટે લાંબા સમયથી ચોક્કસ સ્થળોએ ઘાસચારો નાખવામાં આવી રહ્યો છે. આ વન્યજીવોને કોઈ પણ ઈજા વગર સુરક્ષિત રીતે પકડવા માટે ખાસ આફ્રિકન 'બોમા એન્ક્લોઝર' ટેકનિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

દાવો છે કે આ સ્થળાંતર માત્ર ચિત્તા પ્રોજેક્ટની સફળતા માટે જ નહીં, પરંતુ ખુલ્લા અને બિન-સંરક્ષિત વિસ્તારોમાં રખડતા કાળિયારોના પોતાના અસ્તિત્વ માટે પણ વરદાન સાબિત થશે. હાલમાં આ કાળિયારો માનવ વસવાટ, માર્ગ અકસ્માતો અને રખડતા શ્વાનો જેવા ગંભીર જોખમોનો સામનો કરી રહ્યા છે. કચ્છના સુરક્ષિત વાતાવરણમાં સ્થળાંતર થવાથી તેમને એક નવું અને ભયમુક્ત જીવન મળશે.

### કાળિયારોના સ્થળાંતર માટે 'વંતારા'ની આધુનિક ટેકનોલોજીનો સથવારો

કાળિયારોને પકડવાથી લઈને સેંકડો કિલોમીટર દૂર કચ્છ સુધી લઈ જવાના ટ્રાન્સપોર્ટેશન દરમિયાન તેમનો તણાવ (સ્ટ્રેસ) ઘટાડવા અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સારસંભાળ રાખવા માટે વન વિભાગે જામનગરના વિશ્વપ્રસિદ્ધ વન્યજીવ સંરક્ષણ કેન્દ્ર 'વંતારા' ની એક્સપર્ટ ટીમ અને વૈજ્ઞાનિકોની ટેકનિકલ સહાય મેળવી છે. વંતારાના આધુનિક સંસાધનો આ પ્રોજેક્ટને સો ટકા સુરક્ષિત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

### કુનો નેશનલ પાર્કનો અનુભવ અને સફળતા બાદ હવે કચ્છમાં પ્રોજેક્ટ

દેશમાં ચિત્તાઓને પુનઃજીવિત કરવા માટે સર્વપ્રથમ મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્ક ખાતે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. કુનોમાં આફ્રિકન દેશોમાંથી લાવવામાં આવેલા ચિત્તાઓને વસાવવામાં વન વિભાગને મહત્વની સફળતા મળી છે. ત્યાં ચિત્તાઓએ ભારતીય વાતાવરણને અનુકૂળ થઈને સંવર્ધન પણ શરૂ કર્યું છે અને અનેક બચ્ચાઓનો જન્મ થયો છે. કુનોના આ સફળ પરિણામો અને અનુભવોમાંથી શીખીને જ હવે ગુજરાતના વન વિભાગ દ્વારા કચ્છના બન્ની મેદાનને ચિત્તા માટે સજ્જ કરવામાં આવી રહ્યું છે.

# શિક્ષકે સગીર વયની પૂર્વ વિદ્યાર્થીનીનું અપહરણ કરી બે વખત દુષ્કર્મ આચર્યું

## દુષ્કર્મી શિક્ષકને અલંગ પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી લીધો



ભાવનગર,તા.૧૮

અલંગ પોલીસ સ્ટેશનની ટીમે એક સગીરવયની પૂર્વ વિદ્યાર્થીનીનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં સંડોવાયેલા શિક્ષકને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૧૬ જૂન ૨૦૨૬ના રોજ ફરિયાદીએ અલંગ પોલીસ સ્ટેશનમાં આવીને રજુઆત કરી હતી કે, તેમની સગીર દીકરીનું કરણભાઇ વિનોદભાઇ પરમાર નામના શિક્ષકે અપહરણ કરીને દુષ્કર્મ આચર્યું છે. આ અંગે ગુનો નોંધીને તપાસ અલંગ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર પી.એમ.દેસાઈએ સંભાળી હતી. તેમણે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી યોગ્ય માર્ગદર્શન આપી આરોપીને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અલંગ પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં જ આરોપી કરણભાઇ વિનોદભાઈ પરમાર (ઉં.વ. ૩૦, રહે. રોહીદાસનગર, કરકોલીયા રોડ, સાઇબાબા મંદિર પાસે, શિહોર, જિ.ભાવનગર) ને પકડી પાડ્યો હતો અને તેની સામે કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નીટના ઉમેદવારો માટે ભાવનગર ગાંધીગ્રામ વચ્ચે દોડાવાશે સ્પે. ટ્રેન

## શનિવારે રાત્રે ભાવનગરથી અને રવિવારે ગાંધીગ્રામથી પરત આવવા ટ્રેન મળશે

ભાવનગર,તા.૧૮

રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET)ના ઉમેદવારો અને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસ–ગાંધીગ્રામ વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, ટ્રેન નંબર ૦૯૨૫૪ ભાવનગર-ગાંધીગ્રામ સ્પેશિયલ ૨૦ જૂન ૨૦૨૬ (શનિવાર)ના રોજ ભાવનગરથી ૧૧:૪૦ વાગ્યે ઉપડીને ૧૬:૧૦ વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. પરતમાં ટ્રેન નંબર ૦૯૨૫૩ ગાંધીગ્રામ-ભાવનગર સ્પેશિયલ ૨૧ જૂન (રવિવાર)ના રોજ ગાંધીગ્રામથી ૨૦:૦૦ વાગ્યે ઉપડીને રાત્રે ૦૦:૩૫ વાગ્યે ભાવનગર પહોંચશે.

આ ટ્રેન ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા અને સરખેજ રોકાશે. ટ્રેનમાં ૨૦ સ્લીપર, ૨ જનરલ અને ૨ એસએલઆર મળી કુલ ૨૪ કોચ હશે. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ ઉમેદવારોને આ સેવાનો લાભ લેવા અપીલ કરી છે.

# મહારાણા પ્રતાપની જન્મ જયંતિ પ્રસંગે સિહોરમાં છાશનું વિતરણ



તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર તાલુકા કારડીયા રાજપૂત યુવા સંઘ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ મહારાણા પ્રતાપસિંગ જન્મ જયંતિ સિહોર વડલા ચોક ખાતે છાશ શરબત વિતરણ કરી ઉજવવામાં આવી હતી તેમજ સમાજના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજેતા થયેલનું સન્માન તથા વકૃત્વ સ્પર્ધાનું આયોજન બંધન પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં યુવા સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કવિ દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન

ભાવનગર,તા.૧૮

સ્વ. રામભાઈ દુલાભાઈ કાગની ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે કવિ દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગરના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૨૫ જૂન ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી આહિર જ્ઞાતીની વાડી, બાબરીયાધાર (તા. રાજુલા, જિ. અમરેલી) ખાતે યોજાશે.કેમ્પમાં એચસીજી હોસ્પિટલના ન્યુરોસર્જરી, ઓર્થોપેડિક, જનરલ સર્જરી, ENT અને જનરલ મેડિસિન વિભાગના નિષ્ણાત તબીબો સેવા આપશે.

# તળાજામાંથી ચોરાઉ બાઈક સાથે ઈસમ ઝડપાયો

ભાવનગર,તા.૧૮

ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સ્ટાફે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે તળાજા મહુવા ચોકડી પાસેથી એક શંકાસ્પદ ઈસમને ઝડપી પાડ્યો છે. પકડાયેલ ઈસમ અયુબભાઈ અબ્દુલભાઈ રોય (ઉં.વ. ૨૩, રહે. વન પાર્ક, તળાજા) પાસેથી સફેદ કલરનું સુઝુકી કંપનીનું અવેનીસ મોટર સાયકલ (નંબર GJ-01-XR-4481, કિંમત રૂ. ૫૫,૦૦૦) મળી આવ્યું હતું.આ વાહન અંગે કોઈ આધાર-પુરાવા ન હોવાથી પોલીસે તેને શંકાસ્પદ મિલ્કત તરીકે કબ્જે કર્યું છે. આ કામગીરીથી તળાજા પોલીસ સ્ટેશનનો ઇ-એફ.આઇ.આર ગુન્હો શોધી કઢાયો છે. પોલીસ સબ ઈન્સ. વી.બી.ચૌધરી તથા એચ.પી.બારડના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફે આ સફળ કામગીરી કરી છે.

# ઘોઘામાં વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

ભાવનગર,તા.૧૮

ઘોઘા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે બસ સ્ટેશન પાસે રેઈડ કરીને વરલી મટકાનો જુગાર રમાડતા બે ઈસમોને ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે કરાયેલી આ કાર્યવાહીમાં અસલમરાવ સત્તારાવ રાણા (ઉં.વ. ૪૫) અને રફીકભાઈ કાદરભાઈ શેખ (ઉં.વ. ૪૯) વરલી મટકાના સાહિત્ય તથા રોકડા રૂપિયા ૧૧,૭૦૦ ના મુદ્દામાલ સાથે રંગેહાથ પકડાયા હતા. ઘોઘા પોલીસે બંને આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાવનગરના સંવેદનશીલ વિસ્તારોમાં એસ.પી પાંડેયના નેતૃત્વમાં પોલીસે કર્યું ફૂટ પેટ્રોલીંગ



આગામી મહોરમ તથા રથયાત્રાના તહેવારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષક ડો. નિતેષ પાંડેયની અધ્યક્ષતામાં એરિયા ડોમિનેશન અને ફૂટ પેટ્રોલીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગંગાજળિયા પોલીસ સ્ટેશન વિસ્તારના સંવેદનશીલ વિસ્તારોમાં યોજાયેલા આ પેટ્રોલીંગમાં નાયબ પોલીસ અધિક્ષક આર.આર.સિંઘાલ, ગંગાજળિયાના પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી.ચૌહાણ, ઘોઘારોડના એ.એન.દેસાઇ, નિલમબાગના ડી.પી.ઉનડકટ, બોરતળાવના એચ.બી.ચૌહાણ તેમજ ટ્રાફિક શાખાના ઈન્ચાર્જ પી.એમ.અમીન સહિત વિવિધ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટરો અને સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



તસવીર : ધવલ વાજા

# વનરાજોના વર્તનમાં એકાએક બદલાવ : રાજુલા બાદ મહુવામાં શ્રમિક યુવકને ફાડી ખાધો

## ઘટના બાદ વન વિભાગે એક સિંહણને પાંજરે પૂરીઃ સામાન્ય સંજોગોમાં સિંહો માનવ પર હુમલો કરતા નથી, તેઓ માનવ મિત્ર છે : તાજેતરમાં બેબીસિયા સહિતના ગંભીર રોગચાળા બાદ એકાએક સિંહો માનવ ભક્ષી થયાની આ ઘટના સૂચક પણ હોઈ શકે!

ભાવનગર, તા. ૧૮

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામે સિંહના હુમલામાં યુવકના પ્રત્યક્ષ મોતની અત્યંત આઘાતજનક ઘટના બાદ, હવે ભાવનગર જિલ્લાના મહુવા પંથકમાં પણ સિંહે એક શ્રમિક યુવકને ફાડી ખાધો છે. બેક-ટુ-બેક બનેલી આ હૃદયદ્રાવક ઘટનાઓથી ભારે ભય, ફફડાટ અને અરેરાટી વ્યાપી ગઈ છે. સામાન્ય સંજોગોમાં ગીરના સિંહો માનવીઓ પર હુમલો કરતા નથી અને તેમને માનવ મિત્ર ગણવામાં આવે છે, પરંતુ વનરાજોના આક્રમક વર્તનમાં એકાએક આવેલા આ બદલાવથી પર્યાવરણ પ્રેમીઓ અને વન્યજીવ નિષ્ણાતો પણ ભારે અચરજમાં મુકાયા છે. તાજેતરમાં સિંહોમાં ફેલાયેલા બેબીસિયા સહિતના ગંભીર રોગચાળા બાદ વનરાજો એકાએક નરભક્ષી થયા હોવાની આ ઘટનાઓ ખૂબ જ સૂચક હોવાનું મનાઈ રહ્યું છે. હાલ તો વન વિભાગ આ દિશામાં તપાસ કરી રહ્યું છે, પરંતુ વનરાજોના બદલાયેલા મિજાજે એક નવી જ ચર્ચા અને ચિંતા ઊભી કરી છે.

સામે આવેલી વિગતો મુજબ, મહુવાના ગઢડા ગામનો શ્રમિક યુવાન નાગજી પ્રેમજીભાઈ ગુજરીયા રાત્રિના સમયે પોતાનું મજૂરી કામ પતાવી બાઈક લઈને ઘરે પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન પીંગલેશ્વર મહાદેવ નજીક અચાનક તેનું બાઇક બંધ પડી ગયું હતું. જેથી નાગજી બાઈક દોરીને ચાલીને જતો હતો, ત્યારે જ રસ્તાની બાજુમાં આવેલી બાવળની ગીચ ઝાડીમાંથી એક સિંહે તેના પર અચાનક હિંસક હુમલો કરી દીધો હતો અને તેને લોહીલુહાણ હાલતમાં જંગલ તરફ ખેંચી ગયો હોવાનું અનુમાન છે. યુવક ઘરે ન પહોંચતા સ્થાનિકો અને વન વિભાગ દ્વારા ભારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ગીચ ઝાડીઓમાંથી કંપારી છૂટી જાય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા, જેમાં યુવકના માત્ર ફાટેલા કપડાં અને માથાના અવશેષો જ મળી આવ્યા હતા.

આ ભયાનક ઘટના બાદ વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક હરકતમાં આવ્યો હતો અને આસપાસના વિસ્તારમાં પાંજરું ગોઠવીને એક સિંહણને પાંજરે પૂરી લીધી છે. જોકે, આ સિંહણ જ નરભક્ષી છે કે નહીં તેની વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે તપાસ હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે રાજુલાના કોવાયા ગામમાં પણ સિંહે એક પરપ્રાંતીય યુવક પર ઘાતકી આક્રમણ કરીને તેનું આખું શરીર ખાઈ લીધું હતું અને ત્યાંથી પણ માત્ર અડધું ખાધેલું માથું જ હાથ લાગ્યું હતું. એક જ સરખી પેટર્નથી બનેલી આ બંને ઘટનાઓને પગલે સ્થાનિક લોકોમાં વન વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ માનવ વસાહત અને ખેતરો નજીક ફરી રહેલા સિંહોને તાકીદે દૂર ખસેડવા તથા રાત્રિના સમયે વન વિભાગનું પેટ્રોલિંગ સઘન બનાવવાની ઉગ્ર માંગ કરી છે.

### કોવાયાના બનાવમાં યુવાનના અવશેષો માત્ર એક પોટલા જેટલા વધ્યા



અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામ પાસે આવેલી એક રેસ્ટોરન્ટમાં નોકરી કરતા ઉત્તરાખંડના પ્રકાશ ચંદ્ર નામના યુવાનને ૧૫ જૂન ૨૦૨૬ની રાત્રે સિંહણ રસ્તા પરથી ઢસડી ગઈ હતી અને તેને ફાડી ખાધો હતો. આ હિંસક હુમલામાં મૃતક યુવકનું માત્ર માથું અને શરીરનો થોડો ભાગ જ હાથ લાગ્યો હતો. ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં મૃતદેહનું પીએમ કર્યા બાદ લાશને સરદાર યુવા મંડળને સોંપવામાં આવી હતી. ૧૬ જૂનની રાત્રે વાગ્યે સેવાભાવીઆગેવાન ભરત મોણપરા અને કિશોરભાઈ બારૈયાએ માત્ર એક નાનું પોટલું વાળીને સ્મશાને લઈ જઈ આ અવશેષોના અગ્નિસંસ્કાર કર્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## વૈશ્વિક અસ્થિરતાની વચ્ચે G7 બેઠક

ફ્રાન્સના ઐતિહાસિક શહેર ઈવિયન-લે-બેનમાં યોજાઈ રહેલી ૫૨મી ૭૭ શિખર પરિષદ વૈશ્વિક રાજનીતિ માટે એક નિર્ણાયક વળાંક સમાન છે. જ્યાં એક તરફ પરંપરાગત ઔદ્યોગિક શક્તિઓ પોતાના આંતરિક મતભેદો અને ભૌગોલિક-રાજનૈતિક સંઘર્ષો ઉકેલવા મથી રહી છે, ત્યાં બીજી તરફ ભારત જેવા ઉભરતા વિશાળ લોકશાહી દેશો વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે અનિવાર્ય અને સક્રિય ભાગીદાર તરીકે ઉભરી આવ્યા છે. આ વર્ષની ૭૭ અધ્યક્ષતા સંભાળી રહેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનનો મૂળ ઉદ્દેશ્ય "વૈશ્વિક અસંતુલન ઘટાડવાનો" છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે પશ્ચિમી દેશોની આ ક્લબ હવે ફક્ત અમીર દેશોનું સંકુળ ન રહી શકે, તેથી તેમણે ગ્લોબલ સાઉથના અનેક દેશોને ખાસ આમંત્રણ આપીને આ પરિષદને વધુ સમાવેશી બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ પગલું પશ્ચિમી શક્તિ કેન્દ્રની અંદર વધી રહેલી તિરાડોને પૂરવા અને નવી વૈશ્વિક વ્યવસ્થામાં પોતાનું સ્થાન મજબૂત કરવાની વ્યૂહાત્મક ચાલ તરીકે પણ જોઈ શકાય છે.આ પરિષદની પૃષ્ઠભૂમિ અત્યંત જટિલ અને અનેક સ્તરો ધરાવતી છે. ઈરાન સાથે અમેરિકાના નવા પ્રારંભિક કરારને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ ઘટવાની અને તેલના વૈશ્વિક પુરવઠામાં સ્થિરતા આવવાની આશા વ્યક્ત થઈ રહી છે, પરંતુ આ કરારની બારીક વિગતો અને યુરોપીય દેશોની સુરક્ષા જવાબદારીઓને લઈને હજુ પણ ઊંડા મતભેદો યથાવત છે. તે જ સમયે, યુક્રેન યુદ્ધે વૈશ્વિક ખાદ્ય અને ઊર્જા સુરક્ષાને જે ગંભીર પડકારો ઊભા કર્યા છે, તે આ સમિટના કેન્દ્રિય એજન્ડાનો અભિન્ન ભાગ છે. ચીન સાથેના વેપાર સંબંધો, ટેક્નોલોજી ટ્રાન્સફર અને બૌદ્ધિક સંપદા અધિકારો જેવા મુદ્દાઓ પર પણ ૭૭ દેશો વચ્ચે ઊંડા મતભેદો છે. ખાસ કરીને અમેરિકા અને યુરોપીય સંઘ વચ્ચે, અમેરિકાના પ્રોત્સાહન આપતા 'ઇન્ફ્લેશન રિડક્શન એક્ટ'ને કારણે ઔદ્યોગિક સબ્સિડી અંગે સીધો સંઘર્ષ ઉભો થયો છે, જેના કારણે સંયુક્ત વૈશ્વિક અભિગમ અપનાવવાનું કાર્ય વધુ પડકારજનક બન્યું છે. આંતરિક એકતાના આ અભાવે ૭૭ ની વૈશ્વિક વિશ્વસનીયતાને નબળી પાડી છે અને તેને વૈકલ્પિક વૈશ્વિક ભાગીદારી તરફ વળવા મજબૂર કરી છે.આ પડકારજનક વૈશ્વિક પરિવેશમાં ભારતની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ અને બહુપરિમાણીય બની ગઈ છે. આ ૧૩મી વખત છે જ્યારે ભારતને ૭૭ શિખર પરિષદમાં ભાગીદાર દેશ તરીકે આમંત્રણ મળ્યું છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત સાતમી વખત આ પ્રતિષ્ઠિત મંચ પર સહભાગી થઈ રહ્યા છે. ભારતની આ સતત અને નિયમિત હાજરી માત્ર એક ઔપચારિક આમંત્રણ નથી, પરંતુ તે વૈશ્વિક શાંતિ, સુરક્ષા, આબોહવા પરિવર્તન અને સમાવેશી વિકાસમાં ભારતના વધતા યોગદાનની સ્પષ્ટ સ્વીકૃતિ દર્શાવે છે. વડાપ્રધાન મોદીએ ફ્રાન્સ પહોંચ્યા બાદ પોતાના નિવેદનમાં ભારતની "વધુ ટકાઉ, સ્થિતિસ્થાપક અને સમૃદ્ધ ગ્રહ માટે સામૂહિક પ્રયાસો" પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, જે વૈશ્વિક દક્ષિણના અવાજને મુખ્ય ધારામાં લાવવાના તેમના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. 'નવી ભાગીદારીનું નિર્માણ અને આંતરરાષ્ટ્રીય એકતાનું પુનઃનિર્માણ' થીમ પર આયોજિત વર્કિંગ સેશનમાં ભારતની સક્રિય સહભાગિતા ખાસ નોંધપાત્ર છે, કારણ કે આ થીમ જ ફ્રાન્સની અધ્યક્ષતાના મૂળ ઉદ્દેશ્ય સાથે સુસંગત છે.ફ્રાન્સની ૭૭ અધ્યક્ષતાની મુખ્ય પ્રાથમિકતાઓ, જેમ કે મેક્રો-આર્થિક અસંતુલન ઘટાડવું, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)નું વૈશ્વિક નિયમન, અને મહત્વપૂર્ણ ખનિજો તેમજ ઊર્જા પુરવઠા શૃંખલાને વધુ સ્થિતિસ્થાપક બનાવવી, તે બધી બાબતો ભારતની રાષ્ટ્રીય ક્ષમતાઓ, ટેક્નોલોજીકલ ઉત્કર્ષ અને વિકાસશીલ દેશો માટેની હિમાયત સાથે સીધી રીતે સુસંગત છે.

# સ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ જળ સંરક્ષણ અને ગ્રામ વિકાસનું પ્રેરણાદાયી મોડેલ

**ગુજરાતના કચ્છ, ભાવનગર અને અમરેલી જિલ્લાઓમાં જળ સંરક્ષણ, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર સંસ્થાઓમાંસ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રામ્ય સમાજને આત્મનિર્ભર બનાવવા, કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવા અને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી સંસ્થા સતત કાર્યરત છે**

**સંસ્થા પરિચય**
**સુરેશ ભટ્ટ**

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર સ્વામી વિવેકાનંદ ના નામથી પ્રખ્યાત થયેલી સંસ્થા કચ્છ ઉપરાંત ભાવનગર અમરેલી સહિતના જિલ્લામાં મોટા પ્રમાણમાં સામાજિક અને પર્યાવરણના કાર્યો કરી રહી છે.

આ સંસ્થાની કામગીરી પાછળ પ્રખ્યાત સમાજસેવક અને ઉદ્યોગપતિ Kantisen Shroffની પ્રેરણા અને દષ્ટિ રહેલી છે.

**સંસ્થાની સ્થાપના અને પૃષ્ઠભૂમિઃ**

VRTIની મૂળ શરૂઆત કચ્છના માંડવી વિસ્તારમાં વર્ષ ૧૯૭૫માં ગ્રામ વિકાસના ઉદ્દેશ સાથે થઈ હતી. કચ્છના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણીની અછત, ખેતીની સમસ્યાઓ અને ગ્રામ્ય ગરીબી દૂર કરવા માટે કાંતિસેન કાકાએ લોકભાગીદારી આધારિત વિકાસ મોડેલ વિકસાવ્યું. બાદમાં કચ્છમાં થયેલી સફળ કામગીરીને ધ્યાનમાં રાખીને ભાવનગર અને અમરેલી જિલ્લાના ગામડાઓમાંથી પણ આવી જ કામગીરીની માંગ ઊભી થઈ. પરિણામે વર્ષ ૧૯૯૦માં ભાવનગરમાં VRTIની પ્રવૃત્તિઓ શરૂ થઈ. વર્ષ ૨૦૦૫માં ભાવનગર માટે અલગ ટ્રસ્ટની રચના કરવામાં આવી.

આજે સંસ્થા ભાવનગર શહેરના સર પટ્ટણી રોડ વિસ્તારમાં આવેલી પોતાની કચેરી મારફતે અનેક ગ્રામ વિકાસ કાર્યક્રમોનું સંચાલન કરે છે.

કાંતિસેન કાકાની પ્રેરણા આમાં મુખ્ય પ્રેરકબળ છે.

કાંતિસેન શરોફ, જેમને લોકો પ્રેમથી "કાકા" તરીકે ઓળખતા હતા, તેઓ મહાત્મા ગાંધી, વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણના વિચારોમાંથી પ્રેરિત હતા. તેમનું માનવું હતું કે ભારતનો વિકાસ ગામડાંના વિકાસ વિના શક્ય નથી. તેમણે ગામોને આત્મનિર્ભર બનાવવા, કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવા અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા જીવન સમર્પિત કર્યું હતું. VRTI એ તેમની આ દષ્ટિનું જીવંત સ્વરૂપ છે.

**જળ સંરક્ષણ ક્ષેત્રે અગત્યની કામગીરીઃ**

VRTIની સૌથી મહત્વપૂર્ણ ઓળખ જળ સંરક્ષણના ક્ષેત્રે થયેલી કામગીરી છે. ભાવનગર અને અમરેલી જિલ્લાના પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં સંસ્થાએ અનેક ચેકડેમ, તળાવ ઊંડા કરવાની કામગીરી, વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળ રિચાર્જના પ્રોજેક્ટો હાથ ધર્યા છે.

સંસ્થાએ પાણીના દરેક ટીપાને બચાવવા માટે ગ્રામજનોને જોડીને જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવી છે. વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ થાય અને ભૂગર્ભ જળસ્તર ઊંચું આવે તે માટે વિવિધ પ્રકારની પાણી સંચય રચનાઓ ઊભી કરવામાં આવી છે. આ કામગીરીના કારણે ઘણા વિસ્તારોમાં ખેતીની ઉત્પાદકતા વધી છે અને પીવાના પાણીની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દાયકાઓથી જળસંગ્રહનું મજબૂત આધારસ્તંભ બન્યા VRTIના ડેમ ટકાઉ વિકાસનું પ્રતીક છેસ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (VRTI) દ્વારા ભાવનગર અને અમરેલી જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં જળ સંરક્ષણ માટે બનાવવામાં આવેલા ચેકડેમ, કોઝવે કમ ચેકડેમ અને અન્ય જળસંચય માળખાઓ આજે પણ વિકાસના મજબૂત આધારસ્તંભ તરીકે કાર્ય કરી રહ્યા છે. સંસ્થાએ લોકભાગીદારી અને વૈજ્ઞાનિક આયોજનના આધારે જે ડેમોનું નિર્માણ કર્યું હતું, તેમાંથી ઘણા ડેમ દાયકાઓ પછી પણ સંપૂર્ણ કાર્યક્ષમ છે અને દર વર્ષે ચોમાસામાં વિપુલ પ્રમાણમાં વરસાદી પાણીનો સંગ્રહ કરે છે.

આ ડેમોના કારણે વરસાદી પાણી દરિયામાં વહી જવાને બદલે સ્થાનિક સ્તરે જ સચવાઈ રહે છે. પરિણામે આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. ગામોના કૂવા, બોરવેલ અને અન્ય જળસ્ત્રોતો લાંબા સમય સુધી જીવંત રહેતા હોવાથી ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી ઉપલબ્ધ બને છે. અનેક વિસ્તારોમાં સિંચાઈની સુવિધા વધતા ખેતીની ઉત્પાદકતામાં વધારો થયો છે અને ખેડૂતોની આવકમાં પણ સકારાત્મક ફેરફાર જોવા મળ્યો છે.

આ જળાશયો માત્ર ખેતી પૂરતા મર્યાદિત નથી, પરંતુ ગ્રામજનો માટે પીવાના પાણીનો પણ મહત્વપૂર્ણ સ્ત્રોત બન્યા છે. ઉનાળાની ઋતુમાં જ્યારે પાણીની અછત સર્જાય છે ત્યારે આ ડેમોમાં સંગ્રહાયેલું પાણી અને તેના કારણે રિચાર્જ થયેલા ભૂગર્ભ જળસ્ત્રોતો લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે.

VRTI દ્વારા હાથ ધરાયેલી આ જળ સંરક્ષણની પહેલે સાબિત કર્યું છે કે યોગ્ય આયોજન, લોકસહભાગિતા અને લાંબા ગાળાની દષ્ટિ દ્વારા કુદરતી સંસાધનોનું અસરકારક સંરક્ષણ શક્ય છે. આજે ભાવનગર અને અમરેલી જિલ્લાના અનેક ગામોમાં આ ડેમો વિકાસ, સમૃદ્ધિ અને પાણી સુરક્ષાના જીવંત પ્રતીક તરીકે ઉભા છે.

**મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતા**

VRTI મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે વિશેષ પ્રયાસો કરે છે. સ્વસહાય જૂથો (SHGs)ની રચના, કૌશલ્ય વિકાસ તાલીમ, ઘરઆધારિત ઉદ્યોગો અને નાના વ્યવસાયોની તાલીમ દ્વારા હજારો મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવામાં આવી છે.






સંસ્થા દ્વારા સીવણકામ, હસ્તકલા, ખાદ્યપ્રક્રિયા, પશુપાલન અને અન્ય આવકવર્ધક પ્રવૃત્તિઓ અંગે તાલીમ આપવામાં આવે છે. જેના કારણે ગ્રામ્ય મહિલાઓ પોતાના પરિવારમાં આર્થિક યોગદાન આપી શકે છે અને સ્વાભિમાનપૂર્વક જીવન જીવી શકે છે.

**સામાજિક વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણ**

પર્યાવરણ સંરક્ષણ VRTIની મુખ્ય પ્રવૃત્તિઓમાંનું એક છે. સંસ્થા દ્વારા મોટા પાયે વૃક્ષારોપણ, સામાજિક વનીકરણ, ઘરઆંગણે અને ખેતરોમાં વૃક્ષોનું વાવેતર, બોર્ડર પ્લાન્ટેશન અને બગીચાઓના વિકાસ જેવા કાર્યક્રમો ચલાવવામાં આવે છે.ગ્રામ્ય વિસ્તારોમાં હરિયાળી વધારવા ઉપરાંત સંસ્થા સોલાર ઊર્જા, ધુમાડારહિત ચૂલાઓ અને પર્યાવરણમૈત્રી જીવનશૈલીને પણ પ્રોત્સાહન આપે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને પર્યાવરણનું સંતુલન જાળવવામાં મદદ મળે છે.

ભાવનગર શહેર નજીક ઘોઘા રોડ પર અકવાડા ગામ નજીક ઉજ્જડ જમીન પર મોટા પાયા પર ઉજળ ધરતીને લીલીછમ બનાવવામાં આવી છે.

કરવામાં આવ્યું છે આજે આ ઝાડ ૧૦ થી ૧૫ ફૂટ ઊંચા થઈ ગયા છે.આ ઉપરાંત સંસ્થાના પરિસર ની અંદર મિયાવાકી સિસ્ટમથી મોટા પાયા પર લીલીછમ વનરાજી નું નિર્માણ કરવામાં આવ્યું છે.

તાજેતરમાં ઘોઘા ખાતે બહેનોને આત્માન નિર્ભર બનાવવા માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘોઘાના સરપંચ અન્ય આગેવાનો તથા વિ આરટીઆઈના અધિકારીઓ એગ્રો સેલના અધિકારીઓ હાજર રહ્યા હતા આ સેમિનારમાં ભાવનગર શહેરના યોગના તજજ્ઞ છાયાબેન પટેલ હાજર રહ્યા હતા અને બહેનોને યોગનું મહત્વ સમજાવ્યું હતું. સૂર્ય નમસ્કાર તથા અષ્ટાંગ યોગ વિશે તેમણે બહેનોને વિસ્તારથી સમજૂતી આપી હતી. આ ઉપરાંત સંસ્થા સામાજિક જનજાગૃતિ અને ગ્રામ વિકાસ ના કામો મોટા પ્રમાણમાં કરે છે

નીતિનભાઈ દવે , મનુભાઈ ચૌધરી, અને તેની ટીમ આ કાર્યને ખૂબ સારી રીતે કરી રહ્યા છે તે આનંદની વાત છે એગ્રો સેલ કંપનીના અધિકારીઓ આ કાર્યને સહયોગ આપી રહ્યા છે.VRTI માત્ર પાણી કે પર્યાવરણ પૂરતી મર્યાદિત નથી. સંસ્થા આરોગ્ય, સ્વચ્છતા, શિક્ષણ, કૃષિ વિકાસ અને સામાજિક જાગૃતિના ક્ષેત્રોમાં પણ સતત કાર્યરત છે. ગામોમાં વિવિધ તાલીમ શિબિરો, આરોગ્ય કેમ્પ, શિક્ષણ અભિયાન અને સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ખેડૂતો માટે આધુનિક કૃષિ તકનીકો, માટી પરીક્ષણ, જૈવિક ખેતી અને પાણી બચત આધારિત ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. સંસ્થાએ ખેડૂતોના જૂથો, મહિલા જૂથો અને ઉત્પાદક સંસ્થાઓનું પણ નિર્માણ કર્યું છે.

**નોંધપાત્ર સિદ્ધિઓ**

VRTIની કામગીરીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે. ખાસ કરીને જળ સંરક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે કરેલા કાર્યો બદલ સંસ્થાને વિવિધ સન્માનો મળ્યા છે. વર્ષ ૨૦૨૦માં સંસ્થાને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ રાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા પ્રાપ્ત થઈ હતી.

**ઉપસંહાર**

સ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ માત્ર એક સંસ્થા નથી, પરંતુ ગ્રામ વિકાસની એક જીવંત ચળવળ છે. કાંતિસેન કાકાના વિચારો અને મૂલ્યોને આધાર બનાવી સંસ્થાએ કચ્છ, ભાવનગર અને અમરેલી જિલ્લાના હજારો પરિવારોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે. જળ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ, સામાજિક વનીકરણ અને જનજાગૃતિના ક્ષેત્રે VRTIનું યોગદાન ગુજરાતના ગ્રામ વિકાસ માટે એક પ્રેરણાદાયી મોડેલ તરીકે ઊભર્યું છે. આવનારા સમયમાં પણ આ સંસ્થા ગ્રામ્ય સમાજના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહેશે.

# ભારતની નવી શિક્ષણ નીતીમાં ટેક્નોલોજીને પ્રાધાન્ય

**૨૦૨૭થી શાળાઓમાં નવો AI અભ્યાસક્રમ અમલમાં આવી રહ્યો છે. આ માટે NCERTની ૧૬ સભ્યોની સમિતિ તૈયારી કરી રહી છે. નવી સિસ્ટમ અમલમાં આવતા શિક્ષણ જગતની મોટાભાગની સમસ્યાઓ હલ થઈ જશે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત પેપર લીકની અને ડોનેશનની સમસ્યાઓ પણ દૂર થશે**

**આસપાસ ચોપાસ**
**સુરેશ ભટ્ટ**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આજના યુગની સૌથી ઝડપથી વિકસતી અને પ્રભાવશાળી ટેક્નોલોજી બની ગઈ છે. વિશ્વના લગભગ દરેક ક્ષેત્રમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. આરોગ્ય, ઉદ્યોગ, કૃષિ, સંશોધન અને સંચાર ક્ષેત્રની સાથે હવે શિક્ષણ ક્ષેત્ર પણ AIના પ્રભાવથી અછૂત રહ્યું નથી. બદલાતી વૈશ્વિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પણ શિક્ષણ વ્યવસ્થામાં છૈંનો વધુ વ્યાપક સમાવેશ કરવા માટે સક્રિય બની છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે ૨૦૨૭થી દેશભરની શાળાઓમાં નવો છૈં અભ્યાસક્રમ અમલમાં મૂકવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

ભારતની નવી શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ભવિષ્યની ટેક્નોલોજી માટે તૈયાર કરવાનો છે. AI હવે માત્ર એક વિષય નથી, પરંતુ આવનારા સમયમાં જીવન અને રોજગાર બંનેનો મહત્વપૂર્ણ આધાર બનવાનો છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) દ્વારા AI અભ્યાસક્રમને વધુ આધુનિક અને ઉપયોગી બનાવવા માટે ૧૬ સભ્યોની વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિને "પાઠ્યપુસ્તક વિકાસ ટીમ" નામ આપવામાં આવ્યું છે.

હાલમાં AI વિષય ધોરણ ૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. પરંતુ આગામી વર્ષોમાં તેનો વ્યાપ વધુ વિસ્તૃત કરવામાં આવશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને CBSE દ્વારા મળતી માહિતી મુજબ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્રથી ધોરણ ૩થી ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે પણ AI શિક્ષણ શરૂ કરવાની યોજના છે. આ પગલાથી બાળકોને નાની ઉંમરથી જ ડિજિટલ ટેક્નોલોજી, તર્કશક્તિ અને નવીન વિચારસરણી સાથે પરિચિત થવાની તક મળશે.

AI આધારિત શિક્ષણનો સૌથી મોટો લાભ એ છે કે તે દરેક વિદ્યાર્થીની જરૂરિયાત અનુસાર અભ્યાસને અનુકૂળ બનાવી શકે છે. દરેક બાળકની શીખવાની ક્ષમતા અને ગતિ અલગ હોય છે. કેટલાક વિદ્યાર્થીઓ ઝડપથી સમજે છે, જ્યારે કેટલાકને વધુ માર્ગદર્શનની જરૂર પડે છે. AI આધારિત શૈક્ષણિક સાધનો વિદ્યાર્થીઓની પ્રગતિનું વિશ્લેષણ કરીને તેમને વ્યક્તિગત અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવે છે. પરિણામે શિક્ષણ વધુ અસરકારક અને વિદ્યાર્થીકેન્દ્રિત બને છે.

શિક્ષકો માટે પણ છૈં ઉપયોગી સાબિત થઈ શકે છે. પરીક્ષાના પેપર ચકાસવા, હાજરી નોંધવા, પ્રગતિ અહેવાલ તૈયાર કરવા અને અભ્યાસક્રમનું આયોજન કરવા જેવી ઘણી કામગીરી AI દ્વારા સરળતાથી થઈ શકે છે. આથી શિક્ષકોનો કિંમતી સમય બચી શકે છે અને તેઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને ગુણવત્તાસભર શિક્ષણ પર વધુ ધ્યાન આપી શકે છે.

ઓનલાઈન શિક્ષણના ક્ષેત્રમાં પણ AI નવા દ્વાર ખોલી રહ્યું છે. વર્ચ્યુઅલ ટ્યુટર, સ્માર્ટ લર્નિંગ પ્લેટફોર્મ અને ચેટબોટ જેવી વ્યવસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ કોઈપણ સમયે અને કોઈપણ સ્થળેથી અભ્યાસ કરી શકે છે. દૂરના અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે આ ટેક્નોલોજી વિશેષ લાભદાયી બની શકે છે. જ્ઞાન સુધીની પહોંચ વધુ સરળ અને વ્યાપક બનવાથી શિક્ષણમાં સમાનતા લાવવાનો માર્ગ પણ ખુલશે.

AI શિક્ષણને વધુ રસપ્રદ બનાવવામાં પણ મદદરૂપ છે. એનિમેશન, સિમ્યુલેશન અને ઈન્ટરેક્ટિવ મોડ્યુલ દ્વારા જટિલ વિષયોને સરળતાથી સમજાવી શકાય છે. વિજ્ઞાન, ગણિત અને ટેક્નિકલ વિષયોના મુશ્કેલ ખ્યાલોનું દૃશ્યાત્મક પ્રદર્શન વિદ્યાર્થીઓની સમજણને વધુ મજબૂત બનાવે છે. પરિણામે તેમની જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસે છે.

જોકે AIના વધતા ઉપયોગ સાથે કેટલીક ચિંતાઓ પણ જોડાયેલી છે. જો વિદ્યાર્થીઓ ટેક્નોલોજી પર અતિશય નિર્ભર બની જાય તો તેમની સ્વતંત્ર વિચારશક્તિ અને સર્જનાત્મકતાને નુકસાન પહોંચી શકે છે. ઉપરાંત દેશમાં હજુ પણ એવા વિસ્તારો છે જ્યાં ઈન્ટરનેટ અને આધુનિક ડિજિટલ સાધનોની પૂરતી ઉપલબ્ધતા નથી. આવી સ્થિતિમાં ડિજિટલ અસમાનતા વધવાનો ભય પણ રહેલો છે. તેથી AIનો ઉપયોગ માનવીય મૂલ્યો અને શિક્ષકના માર્ગદર્શન સાથે સંતુલિત રીતે થવો જોઈએ.




કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવી રહેલો નવો AI અભ્યાસક્રમ ખાસ કરીને ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વધુ આધુનિક અને વ્યવહારુ બનશે. ૨૦૨૭-૨૮ના શૈક્ષણિક સત્રથી તેનો અમલ શરૂ થવાની સંભાવના છે. આ મુજબ ૨૦૨૯માં ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ નવા AI અભ્યાસક્રમના આધારે પરીક્ષા આપશે. આ અભ્યાસક્રમમાં માત્ર સિદ્ધાંતો જ નહીં, પરંતુ પ્રયોગાત્મક જ્ઞાન, ડેટા વિશ્લેષણ, મશીન લર્નિંગ અને જવાબદાર AI જેવા વિષયોનો પણ સમાવેશ થવાની શક્યતા છે.

આજની દુનિયામાં AIનું મહત્વ સતત વધી રહ્યું છે. આવનારા સમયમાં અનેક વ્યવસાયો અને રોજગારીના ક્ષેત્રો AI સાથે જોડાયેલા હશે. તેથી વિદ્યાર્થીઓને સમયસર આ ટેક્નોલોજી સાથે પરિચિત કરવું રાષ્ટ્રીય વિકાસ માટે પણ જરૂરી બની ગયું છે. ભારત જો વૈશ્વિક જ્ઞાન અર્થતંત્રમાં અગ્રેસર બનવા માંગતું હોય, તો AI શિક્ષણનો વ્યાપ વધારવો સમયની માંગ છે.

શિક્ષણમાં AIનો સમાવેશ માત્ર અભ્યાસક્રમનો ફેરફાર નથી, પરંતુ તે ભવિષ્યની પેઢીને નવી દુનિયા માટે તૈયાર કરવાની એક દુરંદેશી પહેલ છે. શિક્ષકના માનવીય સ્પર્શ અને AIની બુદ્ધિશાળી ક્ષમતાઓનું સંયોજન શિક્ષણને વધુ ગુણવત્તાસભર, સર્વસમાવેશક અને ભવિષ્યલક્ષી બનાવી શકે છે. ૨૦૨૭થી અમલમાં આવનારો નવો છૈં અભ્યાસક્રમ આ દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ શકે છે.

# મેસ્સીની ઐતિહાસિક હેટ્રિકને કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાનો અલ્જેરિયા પર ૩-૦ થી વિજય




કેન્સાસ,

૩૮ વર્ષનો, પરંતુ જાદુ એનો એ જ રહે છે. જ્યારે દુનિયાને લાગવા લાગ્યું કે લિયોનેલ મેસ્સી તેની કારકિર્દીના અંતની નજીક છે, ત્યારે આર્જેન્ટિનાના હીરોએ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ની પહેલી જ મેચમાં એવું પ્રદર્શન કર્યું જે ફૂટબોલ ચાહકો વર્ષો સુધી યાદ રાખશે. મેસ્સીની ઐતિહાસિક હેટ્રિકને કારણે, ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ અલ્જેરિયા પર ૩-૦ થી વિજય મેળવીને પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરી.

કેન્સાસ સિટી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મેસ્સીએ સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું. તેણે ત્રણ શાનદાર ગોલ કરીને આર્જેન્ટિનાને વિજય તરફ દોરી જ નહીં, પરંતુ રેકોર્ડ્સની શ્રેણી પણ બનાવી. આ તેના વર્લ્ડ કપ કારકિર્દીની પહેલી હેટ્રિક હતી, જેમાં અનેક અગ્રણી વ્યક્તિઓના રેકોર્ડ તોડ્યા હતા. આ મેસ્સીનો છઠ્ઠો વર્લ્ડ કપ ટુર્નામેન્ટ છે, જેના કારણે તે છ અલગ અલગ ફિફા વર્લ્ડ કપમાં રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર બન્યો. પરંતુ રેકોર્ડ બનાવવાની સિલસિલો ત્યાં અટકી ન હતી.તેની હેટ્રિક સાથે, મેસ્સીએ તેના વર્લ્ડ કપ ગોલની સંખ્યા ૧૬ પર પહોંચાડી. આ સાથે, તેણે જર્મનીના દિગ્ગજ સ્ટ્રાઈકર મિરોસ્લાવ ક્લોઝના વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરવાના રેકોર્ડની બરાબરી કરી. મેસ્સી અને ક્લોઝ હવે સંયુક્ત રીતે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓ માટે વર્લ્ડ કપ ઈતિહાસમાં ટોચનું સ્થાન ધરાવે છે.

મેસ્સી એક જ વર્લ્ડ કપ મેચમાં એકથી વધુ ગોલ કરનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી પણ બન્યો. તેણે કેમરૂનના દિગ્ગજ ખેલાડી રોજર મિલાનો પાછલો રેકોર્ડ તોડ્યો. ૩૮ વર્ષ અને ૩૫૭ દિવસની ઉંમરે હેટ્રિક ફટકારીને, તેણે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રેકોર્ડ પણ તોડ્યો. રોનાલ્ડોએ ૩૩ વર્ષ અને ૧૩૦ દિવસની ઉંમરે વર્લ્ડ કપ હેટ્રિક ફટકારી હતી, જ્યારે મેસ્સીએ ઘણી મોટી ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરી હતી.આર્જેન્ટિનાના કેપ્ટને વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. તેણે બ્રાઝિલના દિગ્ગજ ખેલાડી પેલેના વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ (ગોલ અને આસિસ્ટ) કરવાના રેકોર્ડને પાછળ છોડી દીધો. મેચ પહેલા, મેસ્સી અને પેલે બંનેના ૨૧-૨૧ ગોલ હતા, પરંતુ આ મેચમાં ત્રણ ગોલ કર્યા પછી, મેસ્સીનો આંકડો ૨૪ પર પહોંચી ગયો. હવે તેના વર્લ્ડ કપમાં ૧૬ ગોલ અને ૮ આસિસ્ટ છે.સૌથી વધુ ફિફા વર્લ્ડ કપ ગોલ સ્કોરર્સ,૧૬ ગોલ - મિરોસ્લાવ ક્લોઝ, લિયોનેલ મેસ્સી,૧૫ ગોલ - રોનાલ્ડો (બ્રાઝિલ),૧૪ ગોલ - ગેર્ડ મુલર, કાયલિયન એમબાપ્પે,૧૩ ગોલ - જસ્ટ ફોન્ટેન,૧૨ ગોલ-પેલે,૧૧ ગોલ - સેન્ડોર કોસિસ, જુર્ગેન ક્લિન્સમેન,૧૦ ગોલ-હેલ્મુટ રાહન, ગેબ્રિયલ બાતિસ્તુતા, ગેરી લિનેકર, ટેઓફિલો ક્યુબિલાસ, થોમસ મુલર, ગ્રઝેગોર્ઝ લાટો

# લિયોનેલ મેસ્સી છ અલગ અલગ ફિફા વર્લ્ડ કપમાં રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર



કેન્સાસ ,

લિયોનેલ મેસ્સી ફૂટબોલની દુનિયામાં પહેલેથી જ એક દંતકથા છે, પરંતુ હવે આ આર્જેન્ટિનાના દિગ્ગજે એવી સિદ્ધિ હાંસલ કરી છે જે અન્ય કોઈ ખેલાડીએ ક્યારેય હાંસલ કરી નથી. મેસ્સીએ ફરી એકવાર ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું કારણ કે તેણે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં અલ્જેરિયા સામે મેદાનમાં ઉતર્યો.

કેન્સાસ સિટી સ્ટેડિયમમાં અલ્જેરિયા સામે આર્જેન્ટિનાના શરૂઆતના અગિયારના ભાગ રૂપે મેસ્સીએ મેદાનમાં ઉતરતાની સાથે જ તે છ અલગ અલગ ફિફા વર્લ્ડ કપમાં રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર બન્યો. તેણે આર્જેન્ટિના માટે પોતાનો ૨૦૦મો આંતરરાષ્ટ્રીય મેચ પણ રમ્યો, જે પોતાનામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

અત્યાર સુધી, જર્મનીના લોથર મેથૌસ, મેક્સિકોના રાફેલ માર્ક્વેઝ અને આન્દ્રેસ ગુઆર્ડાડો, મેક્સિકોના એન્ટોનિયો કાર્બાજલ અને જર્મનીના મેન્યુઅલ ન્યુઅર જેવા દંતકથાઓએ પાંચ વર્લ્ડ કપમાં રમવાનો રેકોર્ડ શેર કર્યો હતો. જોકે, મેસ્સીએ તે બધાને પાછળ છોડી દીધા અને એકલાએ જ આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. રસપ્રદ વાત એ છે કે, પોર્ટુગીઝ સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પણ છઠ્ઠો વર્લ્ડ કપ રમીને મેસ્સીના રેકોર્ડની બરાબરી કરી શક્યો હતો, પરંતુ હાલમાં, આ રેકોર્ડ ફક્ત આર્જેન્ટિનાના કેપ્ટન પાસે છે.

# ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે ૨૦૨૬-૨૭ સીઝન માટે તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી

## અનુભવી બેટ્સમેન ડેવોન કોનવે અને ફાસ્ટ બોલર બ્લેર ટિકનરે ફરી એકવાર ન્યૂઝીલેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મેળવ્યું

મુંબઈ,

ન્યુઝીલેન્ડ ક્રિકેટે ૨૦૨૬-૨૭ સીઝન માટે તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી છે. સૌથી વધુ ચર્ચિત સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ બે ખેલાડીઓનું પુનરાગમન છે. અનુભવી બેટ્સમેન ડેવોન કોનવે અને ફાસ્ટ બોલર બ્લેર ટિકનરે તેમના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે ફરી એકવાર ન્યૂઝીલેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મેળવ્યું છે.

છેલ્લા બે વર્ષથી કેઝ્યુઅલ પ્લેઈંગ એગ્રીમેન્ટ પર રહેલા ડેવોન કોનવેએ હવે સંપૂર્ણ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર ફરીથી સહી કરી છે. ન્યુઝીલેન્ડ પાસે આગામી ૧૨ મહિનામાં ટેસ્ટ ક્રિકેટ રમવા માટે નોંધપાત્ર રકમ છે, અને કોનવેનું વાપસી ટીમ માટે એક મહત્વપૂર્ણ રાહત માનવામાં આવે છે. ૧૪૬ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા પછી, કોનવેએ ત્રણેય ફોર્મેટમાં ૬,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. દરમિયાન, ઝડપી બોલર બ્લેર ટિકનરે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના પ્રભાવશાળી પ્રદર્શનથી પસંદગીકારોને સતત પ્રભાવિત કર્યા છે. ટિકનરે ન્યૂઝીલેન્ડ માટે પોતાની છેલ્લી આઠ ઈનિંગ્સમાંથી પાંચમાં ચાર કે તેથી વધુ વિકેટ લીધી છે. તેણે આયર્લેન્ડ સામેની તાજેતરની ટેસ્ટમાં પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પહેલી પાંચ વિકેટ પણ મેળવી હતી.

કોનવે અને ટિકનરની વાપસી સાથે, આદિત્ય અશોક અને મોહમ્મદ અબ્બાસને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર કરવામાં આવ્યા છે. દરમિયાન, યુવા ખેલાડીઓ જેક ફોક્સ અને મિચ હેએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. બંનેને ગયા વર્ષે પહેલી વાર આ કોન્ટ્રાક્ટ મળ્યા હતા અને છેલ્લા ૧૨ મહિનામાં ત્રણેય ફોર્મેટમાં ન્યૂઝીલેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે.

જેક ફોક્સે ૩૬ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને ઈંગ્લેન્ડ સામેની ટ્રૈ શ્રેણી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી છે, જેમાં તેમણે સાત વિકેટ લીધી છે. વિકેટકીપર-બેટ્સમેન મિચ હેએ ડિસેમ્બરમાં વેસ્ટ ઈન્ડીઝ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું, તેમણે પોતાની એકમાત્ર ઈનિંગમાં ૬૧ રન બનાવ્યા હતા અને સ્ટમ્પ પાછળ ત્રણ કેચ લીધા હતા.

# અનુષ્કા અને વિરાટ પુત્ર અકય સાથે બેબી ડે પર બહાર ગયા, પાર્કમાં ક્વોલિટી ટાઈમ વિતાવ્યો



લંડન,

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી તેમના અંગત જીવનને ખાનગી રાખવાનું પસંદ કરે છે અને હવે તેઓ યુકેમાં રહે છે, લાઈમલાઈટથી દૂર. જોકે, આ સ્ટાર કપલ ભારતથી દૂર હોવા છતાં, વિદેશમાં તેમના ચાહકોની કોઈ કમી નથી. વિરાટ અને અનુષ્કાના ફોટા સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ કરી રહ્યા છે. સ્ટાર કપલના ફોટા ફરી એકવાર ઓનલાઈન હેડલાઈન્સમાં આવી રહ્યા છે. તાજેતરમાં અનુષ્કા અને વિરાટ તેમના પરિવાર સાથે બહાર જોવા મળ્યા હતા, અને આ સુંદર ક્ષણોના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. વાયરલ ફોટામાં અનુષ્કા અને વિરાટનો પુત્ર, અકય પણ તેમની સાથે જોવા મળી રહ્યો છે.

સોશિયલ મીડિયા પર ફરતા ફોટામાં, વિરાટ અને અનુષ્કા લોકો સાથે ગપસપ કરતા જોવા મળે છે. અનુષ્કા વાદળી શર્ટ અને ઢીલું પેન્ટ પહેરેલી જોવા મળે છે, જ્યારે વિરાટ બેજ પેન્ટ અને કાળી ટી-શર્ટ પહેરેલી છે. એક ફોટામાં, વિરાટ તેના પુત્ર, અકયને પકડીને પ્રેમ કરતો જોવા મળે છે. આ ફોટા સામે આવતાની સાથે જ, સોશિયલ મીડિયા યુઝર્સ પ્રતિક્રિયા આપવા લાગ્યા. એકે ટિપ્પણી કરી, "બેબી અકય અને વિરાટ કોહલી, કેટલો સુંદર ફોટો." બીજાએ લખ્યું, "કિંગ કોહલી લંડનમાં તેના પરિવાર સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી રહ્યો છે." બીજાએ લખ્યું, "આટલા લાંબા સમય પછી, કેટલો સુંદર ફોટો."

વિરાટ અને અનુષ્કાના એક ચાહકે તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ પર અમદાવાદમાં તેમની સાથેની મુલાકાતનો ફોટો શેર કર્યો. સ્ટાર કપલે ચાહક માટે એક હાથથી લખેલી નોંધ પણ છોડી, જેમાં લખ્યું હતું, "આશીનો મદદ માટે આભાર. અમારા તરફથી શુભકામનાઓ.

# હું બીજી ભૂમિકા ભજવીને બાઘા દ્વારા મળેલા સન્માનને બગાડવા માંગતો ન હતો : અમીન હાજી

## ફિલ્મ લગાન પછી મળેલા મોટાભાગના રોલ અમીને ઠુકરાવી દીધા અને લેખન તરફ વળ્યા



મુંબઈ,

આ વર્ષે આમિર ખાન અભિનીત 'લગાન' ની રિલીઝને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ ફિલ્મનું દરેક પાત્ર અનોખું હતું. અભિનેતા અમીન હાજીએ 'લગાન'માં બાઘાની યાદગાર ભૂમિકા ભજવી હતી. તેમણે તાજેતરમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમનું કહેવું છે કે ફિલ્મે તેમને બરબાદ કરી દીધા. જાણો અમીને આવું શા માટે અને કયા સંદર્ભમાં કહ્યું.અમીન હાજીએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે સમજાવ્યું કે ફિલ્મમાં બાઘાના પાત્રે તેમના અભિનય સ્તરને એટલું ઊંચું કરી દીધું કે તે પછી તેમને મળેલા રોલ પસંદ ન આવ્યા. અમીન હાજીએ સમજાવ્યું કે ઓસ્કાર-નોમિનેટેડ ફિલ્મમાં બાઘાના પાત્રે તેમને વ્યાવસાયિક રીતે બરબાદ કરી દીધા.લગાને મને બરબાદ કરી દીધોઃ અભિનેતા અમીન હાજીએ ખુલાસો કર્યો કે આમિર ખાનની આશુતોષ ગોવારિકર ફિલ્મમાં બાઘાનું પાત્ર કોણે ભજવ્યુંતેમણે સમજાવ્યું કે ફિલ્મ પછી તેમને મળેલા મોટાભાગના રોલ તેમણે ઠુકરાવી દીધા. બાદમાં, તેમણે લેખન તરફ વળવાનું નક્કી કર્યું. અમીન હાજીએ કહ્યું, "હું બીજી ભૂમિકા ભજવીને બાઘા દ્વારા મળેલા સન્માનને બગાડવા માંગતો ન હતો. ઉપરાંત, હું બહુ સારો અભિનેતા નથી. 'લગાન'ની સ્ક્રિપ્ટ, દિગ્દર્શક અને ટીમે મને આટલું સારું કામ કરવાની મંજૂરી આપી. તે બધાએ મને મદદ કરી."

# અભિનેત્રી દિયા મિર્ઝાએ આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય નુકસાન માટે પુરુષોને દોષી ઠેરવ્યા

## સોહા અલી ખાનના પોડકાસ્ટ પર બોલતા અભિનેત્રીએ પિતૃસત્તાક માળખાને વૈશ્વિક આબોહવાને નુકસાન પહોંચાડતુ ગણાવીને ટીકા કરી



મુંબઈ,

દિયા મિર્ઝા હવે તેના એક નિવેદનને કારણે વિવાદમાં ફસાઈ ગઈ છે. અભિનેત્રી હોવા ઉપરાંત, તે સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમની ગુડવિલ એમ્બેસેડર પણ છે. તાજેતરમાં, સોહા અલી ખાન સાથેની વાતચીતમાં, અભિનેત્રીએ પિતૃસત્તાક માળખાને વૈશ્વિક આબોહવાને નુકસાન પહોંચાડતી ગણાવીને ટીકા કરી હતી, જેના કારણે ઓનલાઈન ટ્રોલિંગ થઈ હતી. તેના નિવેદનમાં, દિયાએ જણાવ્યું હતું કે પુરુષો આબોહવા પરિવર્તન અને પરિણામે થતી અશાંતિ માટે જવાબદાર છે. આ નિવેદન બાદ સોશિયલ મીડિયાના એક મોટા વર્ગે અભિનેત્રીને નિશાન બનાવવાનું શરૂ કર્યું, જેના પર હવે દિયાએ પ્રતિક્રિયા આપી છે.

સોહા અલી ખાનના પોડકાસ્ટ પર બોલતા દિયા મિર્ઝાએ પુરુષોને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય નુકસાન માટે દોષી ઠેરવતા કહ્યું, "પિતૃસત્તા એ આબોહવા પરિવર્તનનું સૌથી મોટું કારણ છે. આ દુનિયામાં પુરુષો જ છે..." સોહાએ દિયાને અટકાવીને કહ્યું, "તમે પુરુષ અહંકાર વિશે વાત કરી." દિયાએ પછી આગળ કહ્યું, "હા, પુરુષોએ આબોહવા પરિવર્તનને વેગ આપ્યો છે અને આજે દુનિયામાં ચાલી રહેલી અશાંતિ માટે તેઓ જ જવાબદાર છે." અને આ ફક્ત ગ્લોબલ સાઉથમાં જ નહીં, પણ ગ્લોબલ નોર્થમાં પણ થઈ રહ્યું છે.સોશિયલ મીડિયા પર થઈ રહેલા વિરોધ પર પ્રતિક્રિયા આપતા, દિયા મિર્ઝાએ કહ્યું, "તમારામાંથી ઘણા લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા હોવાથી, શક્ય તેટલી સરળ રીતે સમજાવવું શ્રેષ્ઠ છે. હું હજી પણ મારા નિવેદન પર અડગ છું કે 'પિતૃસત્તાએ આબોહવા સંકટનું કારણ બન્યું છે.' આબોહવા પરિવર્તનને ઘણીવાર પર્યાવરણીય કટોકટી માનવામાં આવે છે, પરંતુ તે ગહન અસમાનતાનું સંકટ પણ છે. સદીઓથી, પિતૃસત્તાક પ્રણાલીઓએ સત્તા કેન્દ્રિત કરી છે, સંભાળ કરતાં સંસાધનોના શોષણને પ્રાથમિકતા આપી છે, અને પ્રકૃતિ અને સંવેદનશીલ સમુદાયોને રક્ષણ કરતાં શોષણના પદાર્થો તરીકે જોયા છે."

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વા | ક્ષ | ર | વિ | લ | ર | દુ | નિ | યા | ધી | આ | લા |
| અ | ઐ | ભા | ન | ર | કે | સ | રી | કા | ર | મ | પ્ર |
| ભ | ક | ર | સ | પ્ર | દ | શ | લી | વિ | જ | વા | કી |
| બા | બં | ર | ળો | અં | ક | અં | દ | ત્રિ | પ્ર | ન | ર |
| ભો | સ | લા | દ | લ | જ્ઞા | ર | સ | ન | વે | કા | અઃ |
| ગ | ગં | ણા | દ | ત્રિ | ણા | બં | ણ | ણા | વા | ણી | ગ |
| મ | કા | કી | કો | બ | ધો | ર | ણ | અઃ | ક | સા | ર |
| કી | મા | ણ | મ | ર | દ | વિ | ગ | કુ | સા | ળ | અ |
| ણ | ચા | બા | મા | ફ | બ | બો | ર | દ | ક | ગં | નિ |
| દુ | ક્ષ | મા | કી | ભા | મ | ળ | ખ | કી | ધ | વે | મ |
| બં | વિ | કા | રા | ળ | બા | ઔ | કા | ણા | દ | દ | ગી |
| ધ | વા | ધા | ર | મો | દા | કા | લ | ન | બા | તી | હા |

**શબ્દ શોધો:** ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# લોકપ્રિય ટીવી સીરિયલ "ક્યુંકી સાસ ભી કભી બહુ થી" ની કરિશ્મા તન્ના અને સ્મૃતિ ઈરાની ફરી મળ્યા



મુંબઈ,


અભિનેત્રી કરિશ્મા તન્નાએ તાજેતરમાં ખૂબ જ ભાવનાત્મક અને યાદગાર ક્ષણનો અનુભવ કર્યો જ્યારે તેણી લોકપ્રિય ટીવી સીરિયલ "ક્યુંકી સાસ ભી કભી બહુ થી" ની તેની સહ-અભિનેત્રી સ્મૃતિ ઈરાનીને મળી. સ્મૃતિએ "તુલસી" ની ભૂમિકા ભજવી હતી અને કરિશ્માએ આ સુપરહિટ શોમાં "ઈન્દિરા" ની ભૂમિકા ભજવી હતી. ટૂંક સમયમાં માતા બનવાની માતા કરિશ્માએ સોશિયલ મીડિયા પર આ મુલાકાતના ફોટા શેર કર્યા, જેમાં તેનો બેબી બમ્પ સ્પષ્ટપણે દેખાય છે.

આ ફોટામાં, કરિશ્મા ગ્રે ટોપ અને કાળા પેન્ટમાં જોવા મળે છે, જ્યારે સ્મૃતિ ઈરાની લાલ કુર્તામાં તેને પ્રેમથી ગળે લગાવતી જોવા મળે છે. ફોટા પોસ્ટ કરતા કરિશ્માએ લખ્યું, "મારી સફર આ શોથી શરૂ થઈ હતી, અને આજે, આટલા વર્ષો પછી, અમે અહીં છીએ."

કરિશ્માએ આગળ લખ્યું, "એવું લાગે છે કે એક સંપૂર્ણ વર્તુળ પૂર્ણ થઈ ગયું છે. આભાર, સ્મૃતિ ઈરાની. આ મુલાકાત ખરેખર ખાસ હતી." કરિશ્માના પતિ, વરુણ બંગેરા અને તેના પરિવારના બાકીના સભ્યો પણ આ ફોટામાં સ્મૃતિ સાથે જોવા મળે છે.

સ્મૃતિ ઈરાનીએ ઈન્સ્ટાગ્રામ પર કરિશ્મા તન્ના સાથેનો એક ખાસ ફોટો શેર કર્યો અને લખ્યું, "એક બાળકી માતા બનવાની છે. મારી પાસે હજુ પણ તે પાતળી છોકરીની તાજી યાદો છે જે ટીવી સ્ટુડિયોના કોરિડોરમાં ફરતી હતી. તેણીને ખબર નહોતી કે તે કેટલી અદ્ભુત સ્ત્રી બનશે."

# પત્નીના ખાતામાંથી પૈસા ઉપાડી લેવામાં આવ્યા, ખાતું હેક થયું, વિક્રાંત મેસી પણ સાયબર ક્રાઈમનો ભોગ બન્યો



મુંબઈ,

વિક્રાંત મેસી હાલમાં રાજકુમાર હિરાનીની "પ્રીતમ એન્ડ પેડ્રો" માટે સમાચારમાં છે, જેમાં તે નકારાત્મક ભૂમિકામાં જોવા મળશે. તાજેતરમાં, રાજકુમાર હિરાનીની ડેબ્યૂ સિરીઝનું ટ્રેલર રિલીઝ થયું હતું, જે સાયબર ક્રાઈમની દુનિયાને ઉજાગર કરે છે, જે હવે ફક્ત સામાન્ય લોકો જ નહીં પરંતુ અગ્રણી સેલિબ્રિટીઓને પણ અસર કરી રહી છે. ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. વિક્રાંત મેસીએ પણ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં હાજરી આપી હતી અને સાયબર ક્રાઈમ સાથેના પોતાના અનુભવો શેર કર્યા હતા. અભિનેતાએ ખુલાસો કર્યો હતો કે તે પોતે પણ પોતાના અંગત જીવનમાં ઘણી વખત સાયબર ક્રાઈમનો ભોગ બન્યો છે.

ટ્રેલર લોન્ચ દરમિયાન, વિક્રાંતે સાયબર ક્રાઈમ સાથેના પોતાના અને તેના પરિવારના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી, તેમણે જણાવ્યું કે કેવી રીતે તેની પત્નીના એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવામાં આવ્યા છે અને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ હેક કરવામાં આવ્યા છે. આ વિશે બોલતા, અભિનેતાએ કહ્યું, "આ મારી સાથે એક વાર નહીં, બે વાર નહીં, પરંતુ ત્રણ કે ચાર વાર બન્યું છે. મારું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બે વાર હેક કરવામાં આવ્યું છે, અને મારું ફેસબુક એકાઉન્ટ પણ હેક કરવામાં આવ્યું છે. મારી પત્ની (શીતલ ઠાકુર) ના એકાઉન્ટમાંથી બે વાર પૈસા ઉપાડવામાં આવ્યા છે."

# TETનો વિરોધ : ભાવનગરમાં ૫૦૦થી વધુ શિક્ષકોએ યોજી વિશાળ રેલી

## ૨૦૧૦ પહેલાના શિક્ષકો માટે TET પરીક્ષા રદ કરવા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું, આંદોલન વધુ ઉગ્ર બનાવવા ચીમકી

ભાવનગર,તા.૧૮

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને નગર પ્રાથમિક શિક્ષણ સંઘના સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં ૫૦૦થી વધુ શિક્ષકોએ પોતાની વિવિધ માંગણીઓ સાથે સરકાર સામે મોરચો માંડ્યો હતો. શિક્ષકોએ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું.

આંદોલનનું મુખ્ય કારણ સુપ્રીમ કોર્ટનો ્ઈ્ પરીક્ષા ફરજિયાત કરવાનો નિર્ણય છે. મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શૈલેષભાઈએ જણાવ્યું કે, ૨૦૧૦ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોને વર્ષોની સેવા બાદ ફરી પરીક્ષા આપવી પડે તે અન્યાયી છે. સંઘની માંગ છે કે કેન્દ્ર સરકાર ચોમાસુ સત્રમાં વિશેષ ખરડો લાવીને આ જોગવાઈ રદ કરે. શિક્ષકોની મુખ્ય માંગણીઓમાં RTE કાયદા પહેલાના શિક્ષકોને નિયમોમાંથી બાકાત રાખવા, રોજગારની સુરક્ષા આપવી અને પગાર-પેન્શનના લાભો ચાલુ રાખવાનો





સમાવેશ થાય છે. જો માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વિધાનસભા અને સંસદ સત્ર દરમિયાન આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી અપાઈ છે.

# કંપવા રોગના દર્દીઓ માટે વિનામૂલ્યે દિવ્યાંગતા પ્રમાણપત્ર અંગેનું સેશન

ભાવનગર,તા.૧૮

BKPPDMDS અને PNR Societyના સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં પાર્કિન્સન્સ (કંપવા) રોગના દર્દીઓ ચાલતા સપોર્ટ ગ્રુપમાં આગામી રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગર ખાતે યોજાનારા વિશેષ સેશનમાં દર્દીઓ માટે ખૂબ જ ઉપયોગી એવા સરકારી દિવ્યાંગતા પ્રમાણપત્ર / UDID Card અંગેનું વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે. વધુ માહિતી માટે ડો. ભાવિન માંડવિયા (PT) – ૯૭૨૬૯૫૦૯૦૯ અને ડો. અમિત મિત્રા- ૯૪૨૬૪૬૮૯૬૩ નો સંપર્ક કરવો.

# પાલિતાણા ખાતે શનિવારે યોજાશે સ્પીચ થેરાપી કેમ્પ

ભાવનગર,તા.૧૮

પી.એન.આર.શાહ સોસાયટી સંચાલિત દિવ્યાંગ પુનર્વસન કેન્દ્ર, યશોવિજયનગર, ભાવનગર-પાલિતાણા હાઈવે, ચર્ચની પાછળ,શ્રધ્ધા સ્ટીલ પાસે, પાલિતાણા ખાતે તા.૨૦/૦૬/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ વાગ્યા સુધી વાણી, ભાષા અને વાતચીતને લગતી સમસ્યાઓ માટે ડો.અંબર ગુપ્તા (ઓડિયોલોજીસ્ટ એન્ડ સ્પીચથેરાપીસ્ટ) દ્વારા રાહત દરે તપાસ કરી સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવશે, તો રસ ધરાવતા વાલીઓ સ્થળ પર સંપર્ક સાધવો.

# હિતાર્થ સહાયક એવોર્ડ મેળવતા અંકુર શાળાનાં મયુરભાઈ રાઠોડ

ભાવનગર,તા.૧૮

તાજેતરમાં મધ્ય પ્રદેશના નાગદા ખાતે VOSAP (વોઈસ ઓફ સ્પેશ્યલી એબ્લ્ડ પીપલ્સ) ના સહયોગથી પરિવાર સંસ્થા દ્વારા હિતાર્થ સહાયક નેશનલ કન્વેનશન – ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના કમ્પ્યુટર ઓપરેટર મયુરભાઈ રાઠોડને સમગ્ર ગુજરાતમાં નિરામયા હેલ્થ પોલિસી અંગેની શ્રેષ્ઠ કામગીરી માટે હિતાર્થ સહાયક તરીકે સન્માનીત કરવામાં આવ્યા હતા. નેશનલ લેવલે આવી ઉપલબ્ધી મેળવી મયુરભાઈ રાઠોડે અંકુર શાળા, ભાવનગર તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. સંસ્થા પરિવાર તરફથી તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આચાર્ય નેમીસૂરીશ્વરજી મહારાજાના દીક્ષા દિવસ નિમિત્તે પૂજાનું આયોજન

ભાવનગર,તા.૧૮

શહેરના કૃષ્ણનગરમાં આવેલા ભાઈઓના જૈન ઉપાશ્રય ખાતે તારીખ ૨૧-૦૬-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૬:૩૦ કલાકે પૂજ્ય આચાર્ય નેમીસૂરીશ્વરજી મહારાજાના દીક્ષા દિવસ નિમિત્તે સંગીતના સથવારે પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે.આ માંગલિક પ્રસંગના મુખ્ય લાભાર્થી દિવ્યકાન્ત મોહનલાલ સલોત પરિવાર છે. સલોત પરિવાર દ્વારા આ ધાર્મિક મહોત્સવમાં ભાવનગરના સર્વે શ્રાવકોને સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર દરેક શ્રદ્ધાળુને પૂજ્ય ગુરુ પ્રતિમાના અભિષેક પૂજાનો લાભ મળશે.

# વરતેજ ખાતે મહિલાઓ માટે યોજાયો જાતીય સતામણી વિરોધી કાયદાકીય સેમિનાર

## ‘શી બોક્સ’ પોર્ટલ અને મહિલાલક્ષી સરકારી યોજનાઓ અંગે વિસ્તૃત સમજ અપાઈ

ભાવનગર,તા.૧૮.

ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વરતેજ સ્થિત આઈ-ટેક પ્લાસ્ટ ઈન્ડિયા પ્રા. લી. ખાતે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત એક વિશેષ સેમિનાર યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં કંપનીના એચ.આર. મેનેજર દવેભાઈના પ્રાસંગિક ઉદ્બોધન બાદ, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી હેતલબેન દવેએ કાયદાની જોગવાઈઓ, ફરિયાદની પ્રક્રિયા અને આંતરિક સમિતિ વિશે વિસ્તૃત સમજ આપી હતી અને ’પ્રતિકાર’ મુવી દ્વારા બહેનોને જાગૃત કરી હતી. રવિરાજભાઈ સરવૈયાએ બહેનોને સીધી ફરિયાદ કરવા માટેના “શી બોક્સ” પોર્ટલ અને તેના વીડિયો અંગે માહિતી આપી હતી. મિશન કો-ઓર્ડિનેટર સંજયભાઈ ઘાઘરેટીયાએ મહિલાલક્ષી યોજનાઓ સમજાવી હતી. આ પ્રસંગે સ્ટાફના અન્ય કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# બોટાદમાં મહિલા ઉપર ૪ લોકોનો હુમલો, ઢીંકા પાટુંનો માર માર્યો

ભાવનગર,તા.૧૮

બોટાદના ખોડિયારનગર ખાતે રહેતા દક્ષાબેન પ્રદીપભાઈ કુંડાળીયાના ઘરની સામે રહેતા પ્રકાશ લાલજીભાઈ સોલંકીએ ગઈ તા.૧૪ જૂન ૨૦૨૬ ના રોજ સાંજના આશરે પાંચ વાગ્યાની આસપાસ ઘરના દરવાજા પાસે ઘરની સામે રાખતા કારને થોડી આગળ રાખવા કહેતા પ્રકાશ તથા તેમના પત્નિ કાજલબેન અને તેમના ભાઈ મુન્ના અને મુન્નાભાઈ પત્નિ ભાવનાબેનએ ઘરની અગાસી ઉપર ચડીને દક્ષાબેનને ગાળો આપી જાતી વિરુદ્ધ અપશબ્દો કહી રાત્રીના ચારેય લોકોએ દક્ષાબેન સાથે બોલાચાલી કરી લાફા અને ઢીંકા પાટુંનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે દક્ષાબેનએ ચાર લોકો સામે ગઢડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કંડકટર ભરતી: લાયસન્સ બેજની વિગતો ભરવા અંગે એસ.ટી. નિગમની સ્પષ્ટતા

## કંડકટર લાયસન્સ, બેજ કે ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ બાદમાં રજુ કરી શકાશે

ભાવનગર,તા.૧૮

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા કંડકટર કક્ષાની ભરતી માટે પ્રસિદ્ધ કરાયેલી જાહેરાત ક્રમાંક ય્જીઇઌ/૨૦૨૬૨૭/૩૨ અંતર્ગત ઉમેદવારો માટે એક મહત્વની સ્પષ્ટતા કરવામાં આવી છે. મુખ્ય મહેકમ અધિકારી દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, ઓનલાઈન અરજીપત્રકમાં કંડકટર લાયસન્સ સંબંધિત વિગતો જેવી કે RTO Approved Base No, Licence No, Date y™u Valid Up To વગેરે ભરવી હાલ પૂરતી વૈકલ્પિક (Optional) રાખવામાં આવી છે.

જે ઉમેદવારો પાસે હાલમાં કંડકટર લાયસન્સ ઉપલબ્ધ ન હોય, તેમના માટે અરજી કરતી વખતે આ વિગતો દર્શાવવી ફરજિયાત નથી. આવા ઉમેદવારો જાહેરાત અથવા અરજી કરવાની છેલ્લી તારીખ પૂર્ણ થયા બાદ પણ કંડકટર લાયસન્સ, બેજ કે ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ મેળવી શકશે. જો કે, દસ્તાવેજ ચકાસણી (ડોક્યુમેન્ટ વેરિફિકેશન) સમયે આ ઓરિજિનલ અને વેલિડ દસ્તાવેજો અચૂકપણે રજૂ કરવાના રહેશે, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

# ભાવનગર -બોટાદના ૧૭ કેન્દ્રો પર રવિવારે નીટની પુનઃ પરીક્ષા લેવાશે

## કાયદો વ્યવસ્થા જાળવવા પરીક્ષા કેન્દ્રો આસપાસ ચોક્કસ પ્રતીબંધો ફરમાવાયા, કુલ ૪૭૪૯ વિદ્યાર્થી પરીક્ષા આપશે

ભાવનગર,તા.૧૮

નીટનો પેપર ફુટયા બાદ પરીક્ષા રદ કરવાનાં નિર્ણય બાદ એન.ટી.એ. દ્વારા પુનઃ પરીક્ષા માટે તૈયારીઓ આરંભી હતી અને તા. ૨૧ના રોજ પરીક્ષા લેવાનાર છે. જેમાં ભાવનગરનાં ૧૪ કેન્દ્રો પર ૪૭૫૯ અને બોટાદનાં ૩ કેન્દ્રો પર ૧૯૦ જેટલા વિદ્યાર્થી પરીક્ષા આપશે. જેની તૈયારીઓ પુર્ણ કરાઈ છે.પરીક્ષા કેન્દ્રો આસપાસ તંત્ર દ્વારા ચોક્કસ પ્રતિબંધો પણ ફરમાવવામાં આવ્યા છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા ધો. ૧૨ બાદ મેડીકલ ક્ષેત્રે કારકિર્દી માટે લેવાતી નીટની પરીક્ષાનું પેપર ફુટતા પરીક્ષા વ્યવસ્થાનાં લીરા ઉડયા હતા અને એનટીએ દ્વારા અગાઉની આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો હતો. જો કે પુનઃ પરીક્ષા માટે ચક્રોગતિમાન થયા હતા અને પુર્ણ સુરક્ષા વચ્ચે તા. ૨૧ને રવિવારે બપોરે ૩થી૫ દરમિયાન યોજાનાર છે. ભાવનગરનાં ૧૪ કેન્દ્રો પર ૪૭૫૯ વિદ્યાર્થી અને બોટાદમાં ૩ કેન્દ્રો પર ૧૯૦ જેટલા વિદ્યાર્થી આ પરીક્ષા આપનાર છે. જ્યારે પરીક્ષાની સુરક્ષા વ્યવસ્થા જાળવવા પરીક્ષા કેન્દ્રો નજીકનાં ૧૦૦ મી. ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટ્રો બંધ રાખવા તથા અનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ સાથે કાયદો વ્યવસ્થા જાળવવા જાહેરનામુ જારી કરાયું છે. તો આ સાથે તંત્ર પણ કોઈ ચુક ન થાય તેવી તકેદારી રાખી રહ્યું છે.

# આહીર સમાજના LRDની પરીક્ષા દેવા આવેલા જુદા જુદા જિલ્લાના ઉમેદવારો, વાલીઓ માટે તમામ વ્યવસ્થા કરાઈ

ભાવનગર,તા.૧૮

ભાવનગર ખાતે LRD પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષા હોય જેથી આહીર સમાજના જુદા જુદા જિલ્લા અમરેલી, ગીરસોમનાથ, રાજકોટ, જૂનાગઢ ખાતેથી પરીક્ષા આપવા આવેલ જેમાં અનંતવાડી આહીર બોડ’ગમાં ભાઈઓની સંખ્યા ૧૦૦ તેમજ વણાર આહીર બોર્ડિંગમાં ભાઈઓ-૮૦, બહેનો-૧૨૦ તથા તેઓના વાલીઓ-૫૦ સહીત કુલ ૩૫૦ જણાઓને ઉતારો આપી ડિનર તથા નાસ્તાની વ્યવસ્થા કરેલ અને સવારના તેઓની સ્કૂલના પરીક્ષા સેન્ટર સુધી પહોંચાડવામાં મદદ કરવામાં આવી હતી.



આ પ્રસંગે ગત સાંજના આહીર સમાજના અગ્રણીઓ ભાવનગર જિલ્લા ભાજપના મહામંત્રી ગેમાભાઈ ડાંગર, ભાવનગર તાલુકા પંચાયત ઉપપ્રમુખ દિનેશભાઈ સાંગા તથા ભાવનગર મહાનગર ભાજપાના ઉપપ્રમુખ શૈલેષભાઈ હુંબલ તથા અગ્રણીઓ વિજયભાઈ આહીર(, મહાવીરભાઈ ડાંગર, ગોવિંદભાઈ ભેટારીયા ઉપસ્થિત રહેતા,તેઓનું એન.એમ. રોયલા વણાર આહીર બોર્ડિંગ કમિટીના પ્રમુખ જેહુરભાઈ બરાળ, સામતભાઈ કામળીયા, બી કે. આહીર, દિનેશભાઈ પોસાતર તથા યુવા આગેવાન હરદીપભાઈ રોયલા, વાલાભાઈ હરકટ,દાનુભાઈ દેસાઈ, જોરૂભાઈ મોભ, ભીમભાઈ મોભ, જોરૂભાઈ હરકટ નાઓ દ્વારા સાલ અને પુષ્પ હારથી સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ પરીક્ષાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને તમામ મદદની ખાત્રી આપેલ.આ પરીક્ષાર્થીઓને તેમના પરીક્ષા સ્થળ સુધી પહોંચાડવામાં ભીમભાઈ મોભ, અનકભાઈ મોભ , જોરૂભાઈ હરકટ (ઉમરલા ), મનુભાઈ પોપટ નાઓએ પોતાના વાહનો થકી ઉત્તમ મદદ કરી જહેમત ઉઠાવેલ અને બૉર્ડિંગના ગૃહપતિ વિમલભાઈ ડાંગર અને દિલીપભાઈ પોસાતરે આપણા વડીલ સુરિંગબાપુ વાઘોશી તથા બૉર્ડિંગના ટ્રસ્ટી સામતભાઈ કામળીયાના માર્ગદર્શનમાં તમામ મેનેજમેન્ટ કરી સામાજિક સેવા પૂરી પડેલ તેમજ કર્મયોગી સંગઠનનો પણ મહત્વનું યોગદાન રહ્યું છે.

# શિશુવિહાર બુધસભાની યોજાઈ બેઠક

**૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૩૯૬મી બેઠક ડૉ. માનસીબેન ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ હતી આ સર્જકગોષ્ઠિ ઉપક્રમમાં ભાવનગરના જાણીતા લેખક સુભાષ ભટ્ટ દ્વારા તેમના હિમાલય પ્રવાસ, શિક્ષણ, સર્જન,મૌન,બૌદ્ધિક વાંચન, સર્જનની પૂર્વ ક્ષણોમાં ચિંતન,અભિવ્યક્તિનો અનુભવ જેવા ગુઢ વિષયોમાં ગાઢ અને રસપ્રદ સંવાદ થયો.કવિ ડૉ.વિનોદ જોશી અને શિશુવિહારના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ બુધસભામાં ૪૫ જેટલા ભાવકો અને કવિમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.**



### જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૫૯/૨૦૨૬**
**જન્મ તા.૧૫/૦૭/૨૦૧૯**

**શ્રી મહેશભાઈ પોપટભાઈ બારૈયા,**
**રહે.નવાગામ, તા.જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**નવાગામ ગ્રામ પંચાયત કચેરી, મુ. નવાગામ(કરદેજ), તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહેશભાઈ પોપટભાઈ બારૈયા રહે. નવાગામ(કરદેજ), તા.જી.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી સંતોષભાઈ મહેશભાઈ બારૈયાનો જન્મ તા. ૧૫/૦૭/૨૦૧૯ના રોજ નવાગામ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

### જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૯૫/૨૦૨૬**
**મરણ તા.૦૯/૧૦/૧૯૮૫**

**શ્રી ભકાભાઇ સડાભાઇ કંટારીયા,**
**રહે.માલણકા, તા.જી.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી માલણકા,**
**ગ્રામ પંચાયત કચેરી,મુ.માલણકા,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મૃત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભકાભાઈ સડાભાઈ કંટારીયા, રહે.માલણકા, તા.જી.ભાવનગર તેમના પિતા શ્રી સડાભાઈ અરજણભાઈ કંટારીયાનું મરણ તા.૦૯/૧૦/૧૯૮૫ રોજ માલણકા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

### ઓન લાઈન જાહેર નિવીદા નં.૦૮/૨૦૨૬-૨૭

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯-૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| MMGSY | ૬ કામ | ૪૬૩.૬૪ લાખ |
| **કુલ** | **૬ કામ** | **૪૬૩.૬૪ લાખ** |

આ કામના ટેન્ડરોhttps://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૨૩-૦૬-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય ક્રમ ૧,૨,૩,૫ | તા.૨૪-૦૬-૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય ક્રમ ૪,૬ | તા.૨૪-૦૬-૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૨૭૭/૨૬

### ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર

**કરાર આધારીત જગ્યાની જાહેરાત**

ભાવનગર મહાનગરપાલિકાના જી.આઈ.એસ સેલ વિભાગ ખાતે એક જીઆઈએસ એનાલીસ્ટ/સ્પેશિયાલીસ્ટ અને એક આઈ ટી એક્ષપર્ટ ૬ માસ અથવા આ કામગીરી પૂર્ણ થાય તે બે માથી જે વહેલું હોય ત્યાં સુધી જગ્યા ભરવા માટે તા.૦૨/૦૭/૨૦૨૬ સાંજના ૬ કલાક સુધીમાં નીચે મુજબના અનુભવ અને લાયકાત ધરાવતા ઉમેદવારો દ્વારા અરજી કરી મહેકમ વિભાગ,ભાવનગર મહાનગરપાલિકાની કચેરી, ભાવનગર ખાતે સ્પીડ પોસ્ટ અથવા કુરીયર દ્વારા પહોંચતી કરવાની રહેશે.

| ક્રમ | હોદ્દો | વિગતો | |
|---|---|---|---|
| ૧ | જીઆઈએસ એનાલીસ્ટ/સ્પેશિયાલીસ્ટ | લાયકાત | બેચલર્સ ડીગ્રી ઈન જીઓગ્રાફી/જીઓલોજી/જીઓઈન્ફોર્મેટીક્સ/ રીમોટ સેન્સિંગ અથવા સિવિલ એન્જીનિયરીંગ વિથ જીઆઈએસ/ રીમોટ સેન્સિંગ સર્ટિફિકેશન |
| | | અનુભવ | જીઆઈએસ અને રીમોટ સેન્સિંગ પ્રોજેક્ટ્સમાં ૫+ વર્ષનો સબંધિત અનુભવ ArcGIS, QGIS, AutoCAD Map, ERDAS Imagine વગેરેમાં નિપૂણ. ડિજિટાઈઝેશન, જીઓરેફરન્સિંગ, સ્પેશિયલ ડેટા એનાલિસિસ, મેપ ક્રીએશન અને સેટેલાઈટ ઈમેજરી, KML/KMZ અને શેપ ફાઈલ સાથે કામ કરવાનો અનુભવ. અર્બન મેપીંગ, મ્યુનિસિપલ જીઆઈએસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ ટ્રેકીંગ અથવા સમાન ડોમેઈનમાં નોલેજ ઓફ સ્પેશિયલ ડેટાબેઝ (દા.ત.જીઓસર્વર, પોસ્ટજીઆઈએસ) |
| | | પગાર | માસિક ફિક્સ વેતન રૂ. ૩૦,૦૦૦/- |
| ૨ | આઈ ટી એક્ષપર્ટ | લાયકાત | બી.ઈ/બી.ટેક. ઈન કમ્પ્યુટર સાયન્સ/ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અથવા એમ.સી.એ અથવા સમકક્ષ |
| | | અનુભવ | ડેવેલોપમેન્ટ/કસ્ટમાઈઝેશન ઓફ વેબ-જીઆઈએસ એપ્લિકેશન્સ, સિસ્ટમ ઈન્ટીગ્રેશન, ડેટા બેઝ મેનેજમેન્ટ, સર્વર મેનેજમેન્ટ વગેરેમાં ૫+ વર્ષનો અનુભવ |
| | | પગાર | માસિક ફિક્સ વેતન રૂ. ૩૦,૦૦૦/- |

-:: શ ર તો ::-

(૧) નિમણુંક પામનાર ઉમેદવારને અત્રેથી જે શરતો અને બોલીઓ જણાવવામાં આવે તે બંધનકર્તા રહેશે.
(૨) જે ઉમેદવાર અન્ય સંસ્થા (સરકારી કે બિનસરકારી સંસ્થા)માં હોય તેવા ઉમેદવારોએ સંસ્થાનું ના-વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
(૩) સદર ભરતી માટે કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.જેને પડકારી શકાશે નહી.
(૪) ૪૫ વર્ષથી વધુ ન હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે.

(સહી) ડૉ.નરેન્દ્ર કુમાર મીના (I A S)
કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા

તા.૧૭/૦૬/૨૦૨૬

માહિતી-ભાવ-૨૭૩/૨૬

# છેલ્લા એક દાયકામાં ભારતની કુલ નિકાસ આશરે ૪૪૧ અબજથી વધીને ૮૬૩ અબજ અમેરિકી ડોલર સુધી પહોંચી: અજય ભાદુ,

## વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' એ માત્ર ઔદ્યોગિક નીતિ નથી, પરંતુ રાજ્યમાં આર્થિક પરિવર્તનનો નવો પર્યાય બનશે: અજય ભાદૂ અધિક સચિવ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ




અમદાવાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા એક દાયકામાં ભારતના વેપાર અને નિકાસ ક્ષેત્રે અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે. નીતિગત સુધારાઓ, ડિજિટલ ગવર્નન્સ, વેપાર સુગમતા અને વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે વધતા એકીકરણના પરિણામે ભારતે વૈશ્વિક વેપારમાં પોતાની મજબૂત ઓળખ સ્થાપિત કરી છે. આ પરિવર્તનશીલ યાત્રામાં વિશેષ કરીને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના વિકાસ, રોકાણ આકર્ષણ અને નિકાસ વૃદ્ધિ દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ગુજરાતના જીઈઢ ક્ષેત્રની છેલ્લા ૧૨ વર્ષની સિદ્ધિઓ, પ્રગતિ અને ભાવિ દ્રષ્ટિકોણને ઉજાગર કરવા માટે આયોજિત આઉટરીચ કાર્યક્રમનું ઉદ્ઘાટન ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના અધિક સચિવ શ્રી અજય ભાદુ, કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર જ્ઞાનેશ્વર બી. પાટીલ તથા ગુજરાત સરકારના ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગુજરાત સરકાર અને ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વિદેશ વેપાર મહાનિદેશાલય દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતના વધતા વૈશ્વિક વ્યાપારિક વિસ્તરણને ઉજાગર કરતાં અધિક સચિવ અજય ભાદુએ જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતની કુલ નિકાસ આશરે ૪૪૧ અબજ અમેરિકી ડોલરથી વધીને ૮૬૩ અબજ અમેરિકી ડોલર સુધી પહોંચી છે. આ વૃદ્ધિમાં એન્જિનિયરિંગ ઉત્પાદનો, પેટ્રોલિયમ ઉત્પાદનો, ઈલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, રત્ન અને આભૂષણ તેમજ રસાયણ ક્ષેત્રનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ગુજરાત આ વિકાસયાત્રામાં મુખ્ય યોગદાનકર્તા તરીકે ઉભર્યું છે, જેનો નિકાસમાં અંદાજે ૧૧૦ અબજ અમેરિકી ડોલરનો ફાળો છે. ગુજરાતે વર્ષ ૧૯૬૫માં મુક્ત વેપારી ક્ષેત્રોની સ્થાપના કરીને એક ઐતિહાસિક પહેલ કરી હતી. તે સમયે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર એશિયામાં પણ આવા દુરંદેશી ઔદ્યોગિક વિકાસના મોડેલ અંગે બહુ ઓછો વિચાર કરવામાં આવ્યો હતો. ગુજરાતે આ ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકા ભજવી અને વૈશ્વિક રોકાણ તથા નિકાસ આધારિત વિકાસ માટે નવી દિશા પ્રસ્થાપિત કરી છે.

તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેઈડ ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' વિઝનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું. દેશમાં ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ માટે રાષ્ટ્રીય સ્તરે ટ્રેડ કનેક્ટ, ટ્રેડ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ પોર્ટલ અને મર્ચેન્ડાઈઝ ઈમ્પોર્ટ્સ મોનિટરિંગ પોર્ટલ જેવા મહત્ત્વના ડિજિટલ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશન પણ વૈશ્વિક સ્તરે ભારત માટે વિશ્વાસનું સીમાચિહ્ન હોવાનું ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે ભારતની સક્રિય વેપાર કૂટનીતિના પરિણામે મોરીશિયસ, સંયુક્ત આરબ અમીરાત (છઈ), ઓસ્ટ્રેલિયા તથા યુનાઈટેડ કિંગડમ સાથે મહત્વપૂર્ણ મુક્ત વેપાર કરારો થયા છે, જ્યારે યુરોપિયન યુનિયન અને ન્યૂઝીલેન્ડ સાથે પણ પ્રગતિ પર છે, જેના કારણે ભારતીય નિકાસકારો માટે નવી તકો ઊભી થઈ છે.ઝોનલ વિકાસ કમિશનર જ્ઞાનેશ્વર બી. પાટીલ એ જણાવ્યું હતું કે વિશેષ આર્થિક ક્ષેત્રો રોકાણ, રોજગાર, નવીનતા અને નિકાસના મુખ્ય પ્રેરક કેન્દ્રો તરીકે ઉભર્યા છે અને "મેક ઈન ઈન્ડિયા", "આત્મનિર્ભર ભારત" તથા "વિકસિત ભારત ૨૦૪૭"ના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.આ કાર્યક્રમમાં ઝાયડસ સેઝ, આઈનોક્સ, કેએએસઈઝ અને માઈક્રોન સેઝના પ્રતિનિધિઓએ પોતાની ઔદ્યોગિક સાફલ્યગાથાઓમાં સરકારના સક્રિય સહયોગ અંગે વાતો કરી હતી.

# મહુવામાં સદભાવના હોસ્પિટલના પાર્કિંગ અને મકાનમાંથી ઈંગ્લીશ દારૂ અને બિયરનો જથ્થો ભરેલી બે કાર ઝડપાઈ

## બે કાર અને બિયરના ૧,૦૫૯ ટીન સહીત કુલ રૂ ૫.૫૧ લાખનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો: એકની ધરપકડ, ત્રણ ફરાર

ભાવનગર,તા.૧૮

ભાવનગર જીલ્લાના મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે વડલી સદભાવના હોસ્પિટલના જનરલ પાર્કિંગ અને મોચી ચોક વિસ્તારમાં મકાનમાં દરોડો પાડી, રૂ. ૫,૫૧,૭૪૫/- ની કુલ કિંમતના વિદેશી દારૂ, બિયરના જથ્થા અને બે ફોર-વ્હીલર ગાડીઓ સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. જ્યારે આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય ત્રણ ઈસમોને ફરાર જાહેર કરી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહુવા ટાઉન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીગમાં હતો, તે દરમ્યાન બાતમી મળી હતી કે સદભાવના હોસ્પિટલના પાર્કિંગમાં શંકાસ્પદ હાલતમાં બે ફોર-વ્હીલર ગાડીઓ પડી છે. પોલીસે તપાસ કરતા ત્યાંથી એક લાલ કલરની ફોર્ડ ફીગો નંબર ય્ત્ન-૨૧-છ૩ઁ-૪૧૦૨ અને સફેદ કલરની મારૂતિ સ્વિફ્ટ નંબર ય્ત્ન-૦૪-ઝછ-૧૨૦૧ મળી આવી હતી. ગાડીના કાચમાંથી જોતા અંદર કિંગફિશર લખેલા ખાખી ખોખાઓ નજરે પડ્યા હતા.પોલીસે ગાડીના માલિક ભરતભાઈ છગનભાઈ કનક ઉ.વ.૪૭, રહે. મોચી ચોક, મહુવા, હાલ રહે. પુણાગામ, સુરતને તેના મકાનેથી ઝડપી લીધો હતો. તેના મકાનની જડતી લેતા દારૂની ૨૨ બોટલ અને ફ્રિજમાંથી બિયરના ૩ ટીન મળી આવ્યા હતા.

આરોપી ભરતની પૂછપરછ બાદ હોસ્પિટલ પાર્કિંગમાં પડેલી બંને ગાડીઓની ચાવી મેળવી લોક ખોલવામાં આવ્યા હતા. લોકલ ક્રાઈમ બ્રાંચની મદદથી બંને ગાડીઓ પોલીસ સ્ટેશને લાવી પંચોની હાજરીમાં ચેક કરતા:ફોર્ડ ફીગો ગાડીમાંથી: બિયરના કુલ ૩૧૨ ટીન (૧૩ પેટી) અને થેલીઓમાંથી ૨૪૦ છૂટા ટીન મળી આવ્યા હતા.મારૂતિ સ્વિફ્ટ ગાડીમાંથી: બિયરના કુલ ૫૦૪ ટીન (૨૧ પેટી) મળી આવ્યા હતા.પોલીસે દારૂ, બિયર અને બે કાર મળી કુલ રૂ.૫,૫૧,૭૪૫/- મુદ્દામાલ જપ્ત કર્યો હતો પકડાયેલા આરોપી ભરત કનકે કબૂલાત આપી હતી કે, આ દારૂનો જથ્થો રાજસ્થાનનો નરેશભાઈ મારવાડી કેટા ગાડીમાં લાવ્યો હતો. જે જથ્થો ભરત કનક અને સુરત રહેતા ચકુરભાઈ માધાભાઈ જોળીયાએ પોતાની ગાડીઓમાં ભરીને હોસ્પિટલના પાર્કિંગમાં છુપાવ્યો હતો. આ જથ્થો રાજુલાના ભેરાઈ ગામે રહેતા ભરતભાઈ ઉર્ફે રેસ નકાભાઈને સપ્લાય કરવાનો હતો.પોલીસે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને ફરાર આરોપીઓ નરેશભાઈ મારવાડી (રાજસ્થાન), ચકુરભાઈ જોળીયા (સુરત) અને ભરત ઉર્ફે રેસ (ભેરાઈ, રાજુલા) ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગારીયાધાર નવાગામ રોડ પરથી બે શખ્સો વર્ના કારમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયા

## પેટ્રોલપંપ સામે વોચ ગોઠવી પોલીસે કારમાંથી દારૂની ૨૪ બોટલ ઝડપી, રૂ.૨.૩૭ લાખના મુદ્દામાલ જપ્ત કરાયો

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના ગારીયાધાર પોલીસ સ્ટેશનના સ્ટાફે નવાગામ રોડ પર આવેલા શ્રીજી કિસાન સેવા પેટ્રોલપંપ સામે વોચ ગોઠવીને વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. ગારીયાધાર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે નવાગામ તરફથી એક સફેદ કલરની હુન્ડાઈ વર્ના કારમાં વિદેશી દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. પોલીસે બાતમી વાળી કારને રોકી પંચોની હાજરીમાં તલાશી લેતા કારની ડીકીમાંથી વિદેશી દારૂની બે પેટીઓ મળી આવી હતી.

પોલીસે કારમાંથી ૭૫૦ એમ.એલ.ની કુલ ૨૪ મોટી કાચની બોટલો કિંમત ?૧૭,૯૨૮ જપ્ત કરી હતી. આ ઉપરાંત, ગુનામાં વપરાયેલી હુન્ડાઈ વર્ના કાર નં. ય્ત્ન-૦૧-દ્રસ-૦૩૧૦, કી.રૂ. ૨,૦૦,૦૦૦ તથા બે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ૨૦,૦૦૦) મળી કુલ રૂ.૨,૩૭,૯૨૮ નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કર્યો હતો કારમાંથી પકડાયેલા આરોપીઓ કેવલ ગભરૂભાઈ પાટડીયા ઉ.વ. ૨૧,અને અલ્પેશ ભૂપતભાઈ આદ્રોજા ઉ.વ. ૨૫,રહે. મોટા જીંજુડા, તા. સાવરકુંડલાની પૂછપરછ દરમિયાન આ દારૂનો જથ્થો સાવરકુંડલાના જેસર રોડ પર રહેતા આલ્કુભાઈ ઉનાવા પાસેથી લાવ્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ત્રાણેય આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં રૂ. ૯૫.૫૩ લાખની છેતરપિંડી આચરનાર બે આરોપીઓ અમદાવાદથી ઝડપાયા



ભાવનગર:

રિલાયન્સ વેરહાઉસનો સસ્તા ભાવે માલ અપાવી ઊંચા નફે વેચવાની લાલચ આપી રૂ. ૯૫.૫૩ લાખની વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરનાર બે આરોપીઓને ગંગાજળિયા પોલીસે અમદાવાદથી ઝડપી પાડ્યા છે.

ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપી યુનુસભાઈ સુલેમાનભાઈ શ્રીમાળીએ ફરિયાદીને જણાવ્યું હતું કે પોતે અમદાવાદમાં અનાજ-કરીયાણાનો મોલ ચલાવે છે અને રિલાયન્સ વેરહાઉસનો માલ ખરીદવાનું લાયસન્સ ધરાવે છે. અમદાવાદમાં મોલો બંધ થવાના હોવાથી ત્યાંનો માલ સસ્તા ભાવે મળશે તેવી લાલચ આપી તેમણે ફરિયાદી પાસેથી કટકે-કટકે કુલ રૂ. ૧,૦૪,૯૩,૦૦૦/- મેળવ્યા હતા. જેમાંથી રૂ. ૯,૪૦,૦૦૦/- પરત આપ્યા હતા, પરંતુ બાકીના રૂ. ૯૫,૫૩,૦૦૦/- પરત આપ્યા નહોતા અને નાણાં માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને ગંગાજળિયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. ચૌહાણ અને સર્વેલન્સ સ્ટાફના જી.આર. ધાધલ સહિતની ટીમે ટેકનિકલ સોર્સની મદદથી અમદાવાદ ખાતે તપાસ હાથ ધરી હતી. પોલીસે વેજલપુર વિસ્તારમાંથી પરવેઝ યુનુસભાઈ શ્રીમાળી (ઉં.વ. ૩૫) અને યુનુસભાઈ સુલેમાનભાઈ શ્રીમાળી (ઉં.વ. ૩૫) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**સસ્તા ભાવે મોલનો માલ અપાવવાની લાલચ આપી નાણાં પડાવ્યા; ગંગાજળિયા પોલીસની ટીમે ટેકનિકલ સોર્સની મદદથી બંને ઠગોને દબોચી લીધા**

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

એસએલઆર કમ્પાર્ટમેન્ટના લીઝિંગ કરારો માટે ઈ-હરાજી

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| LEASE-2026-05 | IREPS મારફતે ભાવનગર મંડળમાંથી શરૂ થતી વિવિધ ટ્રેનોના એસએલઆર કમ્પાર્ટમેન્ટના લીઝિંગ કરારો. | પાર્સલ |

હરાજી શરૂ થવાનો સમય અને તારીખ: 01.07.2026 ના રોજ 11:00 કલાકે.
બિડર/ટેન્ડરરએ (www.ireps.gov..in) સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગરની મુલાકાત લેવાની રહેશે અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર ડિવિઝન +917227989486) સંપર્ક કરી શકાય છે. BVP 061
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ભાવનગર રેલવે દ્વારા સિંહોની સુરક્ષિત અવરજવર માટે દેશના પ્રથમ અંડરપાસનું સફળ નિર્માણ

## ઢસા-રાજુલા વચ્ચે બે અંડરપાસનુ સફળ નિર્માણ, અન્ય ત્રણ અંડરપાસનુ કામ પ્રગતિમાં



ભાવનગર,તા.૧૮

પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ અને પ્રશંસનીય પહેલને સાકાર કરી રહ્યું છે. ભાવનગરના મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના કુશળ માર્ગદર્શન હેઠળ ગીર અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોમાં એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા માટે દેશના પ્રથમ અંડરપાસનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

વિશ્વમાં એશિયાટિક સિંહોનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન ગીર અને તેની આસપાસનો વિસ્તાર છે. આ અમૂલ્ય વન્ય ધરોહરના સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા રાજ્ય સરકાર, વન વિભાગ અને રેલવે પ્રશાસનના સંયુક્ત પ્રયાસોથી ઢસા-રાજુલા તથા રાજુલા-પીપાવાવ રેલખંડ પર પાંચ સંવેદનશીલ સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જ્યાં વન્યજીવોની સુરક્ષિત અવરજવર માટે વિશેષ અંડરપાસોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ મહત્ત્વાકાંક્ષી યોજનાનો મુખ્ય હેતુ સિંહો તથા અન્ય વન્યજીવોને રેલવે ટ્રેક પાર કરવા માટે સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ કરાવવાનો તેમજ વન્યજીવો અને રેલવે સંચાલન બંનેની સલામતી સુનિશ્ચિત કરીને "શૂન્ય અકસ્માત"ના લક્ષ્યને હાંસલ કરવાનો છે.

લગભગ રૂ. ૯.૪૨ કરોડના ખર્ચે અમલમાં મૂકવામાં આવી રહેલી આ યોજનામાં અત્યાર સુધી નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. ઢસા-રાજુલા રેલખંડના કિમી ૫૩/૧૪-૧૫ અને કિમી ૧૬/૯-૧૦ ખાતે અંડરપાસ બોક્સનું નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે. બાકીના ત્રણ સ્થળોએ નિર્માણ કાર્ય ઝડપથી પ્રગતિ પર છે અને તેને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું કે ભાવનગર મંડળ રેલવે સંચાલનની સુરક્ષા સાથે પર્યાવરણ સંરક્ષણ અને વન્યજીવ સુરક્ષાને પણ સમાન પ્રાથમિકતા આપી રહ્યું છે. વન્યજીવોની સુરક્ષા માટે વિકસાવવામાં આવી રહેલી આ નવીન પહેલ ભારતીય રેલવે માટે પ્રેરણાદાયક ઉદાહરણ છે.

PGVCL
www.pgvcl.com પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. tender.nprocure.com.
વર્તુળ કચેરી,પાવર હાઉસ કમ્પાઉન્ડ,બોટાદ
ટેન્ડર નોટીસ

નીચેની વિગતો માટે અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. વધુ વિગત માટે ટેન્ડર નોટીસ સાઈટ પર મુકવામાં આવેલ છે. રસ ધરાવતા ઠેકેદારોને આ વેબ સાઈટ જોવા માટે જણાવવામાં આવે છે(૧)ઢસા સ.ડી માટે બંધ બોડીની ડીઝલ મોડેલ એ.સી.જીપ ભાડે રાખવા બાબત.(૨)ગઢડા ગ્રામ્ય સ.ડી માટે ૧૧ કેવી એચટી,એલટી લાઈન તથા ટીસી ઉભા કરવા અને મેઈન્ટેનન્સનાં કામ બાબત.(3)ગઢડા ગ્રામ્ય સ.ડી માટે ફેઈલ ટ્રાન્સફોર્મર બદલવાના કામ બાબત.(૪)ગઢડા ગ્રામ્ય સ.ડી માટે ૧ ફેઝ/3 ફેઝ નવા કનેકશન લગાવવા,મીટર તથા સર્વિસ બદલવાના કામ બાબત.(૫)ગઢડા ગ્રામ્ય સ.ડી માટે HVDS યોજના હેઠળ ૧૧ કેવી એચટી,એલટી લાઈન તથા ટીસી ઉભા કરવા અને મેઈન્ટેનન્સનાં કામ બાબત.(૬)ગઢડા વિભાગીય કચેરી માટે સ્ટેશનરી પૂરી પાડવા બાબત.(૭)બોટાદ વર્તુળ કચેરીના સિવીલ સેક્શન માટે લેટેસ્ટ બંધ બોડીની ડીઝલ મોડેલ એ.સી.જીપ ભાડે રાખવા બાબત..

ગ્રાહક સુવિધા કેન્દ્ર ટોલ ફ્રી નં.૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર,વર્તુળ કચેરી,બોટાદ

## અવસાન નોંધ

**લુહાર મરણ (સીદસર)**

જગદીશભાઈ નારણભાઈ મકવાણા ઉ.વ.૫૨. તા.૧૭ને બુધવારે રામચરણ પામેલ છે. તે સ્વ. નારણભાઈ મગનભાઈ મકવાણા તથા મુક્તાબેન નારણભાઈ મકવાણાના પુત્ર, જયના પિતા, તેમજ સ્વ. ભરતભાઈ, ભાવેશભાઈ, શશીકાન્તભાઈ, ગોપાલભાઈ, શોભનાબેન શૈલેશકુમાર ચુડાસમા (અમદાવાદ), ભદ્રાબેન કિરણકુમાર રાઠોડ, તેજલબેન હિરેનકુમાર હરસોરા તથા સતીશભાઈ બાબુભાઈ મકવાણા (ભાવનગર)ના મોટાભાઈ થાય. તેમજ સ્વ. ભગવાનભાઈ અમૃતભાઈ મકવાણા (સખવદર), અરવિંદભાઈ કુબેરભાઈ મકવાણા (સિહોર), હસમુખભાઈ મથુરભાઈ મકવાણા (સીદસર), સ્વ. ચંદુભાઈ કુબેરભાઈ મકવાણા, મનીષભાઈ કરશનભાઈ મકવાણા તથા હિરેનભાઈ હિંમતભાઈ મકવાણા (અમદાવાદ)ના નાના ભાઈ તેમજ રમેશભાઈ ત્રિભોવનભાઈ મકવાણા (ભાવનગર)ના ભત્રીજા, હિતેશ ભાઈ અરવિંદભાઈ મકવાણા (સિહોર) તેમજ વિજયભાઈ ચંદુભાઈ મકવાણા (ભાવનગર)ના કાકા થાય.અંજનાબેન ભાવેશભાઈ મકવાણા તથા નિશાબેન શશીકાન્તભાઈ મકવાણા તેમજ મનીષાબેન ગોપાલભાઈ મકવાણાના જેઠ થાય. મોસાળ પક્ષ (ટાણા વાળા) સ્વ. રવજીભાઈ ધનજીભાઈ પરમાર (ટાણ), હસમુખભાઈ ધનજીભાઈ પરમાર (સુરત), હરજીભાઈ ધનજીભાઈ પરમાર (ટાણા), કાંતિભાઈ ધનજીભાઈ પરામર (ટાણા) તથા દીપકભાઈ રવજીભાઈ પરમાર (સુરત)ના ભાણેજ થાય. તેમનું બેસણું તા.૧૯ને શુક્રવારના રોજ સાંજે ૪ કલાક થી ૬ દરમ્યાન વિશ્વકર્મા ધામ, લુહાર જ્ઞાતિની વાડી, ટોપ-૩ સર્કલ પાસે, ભાવનગર ખાતે રાખેલ છે.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૨૦૯/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૩/૦૪/૧૯૯૧**

**શ્રી પ્રભાબેન લાભુભાઈ પરમાર,**
**રહે. ડી.એસ.પી. ઓફિસ પાસે, મનુભાઈ ગાઠીયાવાળા સામે,**
**વાલ્મીકી વાસ, નવાપરા,**
**ભાવનગર. મો-૯૭૧૨૧૫૭૩૭૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રભાબેન લાભુભાઈ પરમારએ તેમના પુત્રી હકુબેન લાભુભાઈ પરમારનો જન્મ તા.૨૩/૦૪/૧૯૯૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

EFCEE SAROVAR PREMIERE bhavnagar A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com

નિલકંઠ હોસ્પિટલ
ડો. મહેશ રાઠોડ
એમ.ડી. ફિઝિશ્યન, ક્રીટીકલ કેર એન્ડ આઈ.સી.યુ. સ્પેશ્યાલીસ્ટ
24/7 Emergency Services
પહેલો અને બીજો માળ, આર.કે. એવન્યુ કોમ્પલેક્ષ, જેલ રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
9714772727 / 9601575707

આધુનિક રોબોટિક ઘૂંટણ સર્જરી, દર્દમુક્ત ઘૂંટણ માટે
SHUBHAM CENTER FOR ROBOTIC JOINT REPLACEMENT
મેડિક્લેઈમ અને કેશલેસ સારવાર ઉપલબ્ધ
ડૉ. કુશલ દોશી M.B., D.Ortho, FIAS ટ્રોમા એન્ડ જોઈન્ટરિપ્લેસમેન્ટ સર્જન
શુભમ્ ઓર્થોપેડિક એન્ડ ડેન્ટલ હોસ્પિટલ
પહેલો અને બીજો માળ, શુભમ્ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં.99A/1, રસોઈ હોટલની સામે, કાળુભા રોડ, ભાવનગર.
7433972972 Shubhamorthodent Shubhamorthodent@gmail.com

રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એમ.ઓર્થોપેડિક (ગોલ્ડ મેડાલીસ્ટ) ટ્રોમા એન્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ નિલમબાગ સર્કલ ભાવનગર (278) 2424108 / 7265833325

# સામે જોવાની નજીવી બાબતે બે પાડોશીઓ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું: છરી અને લાકડાના ધોકા ઉછળ્યા

## કૃષ્ણનગરમાં બે જૂથ વચ્ચે મારામારીમાં ૩ ઈજાગ્રસ્ત, સામસામી ફરિયાદ દાખલ

ભાવનગર,તા.૧૮

શહેરના આનંદનગર રોડ પર આવેલા ઉત્તર કૃષ્ણનગર વણકરવાસ વિસ્તારમાં 'સામે કેમ જુએ છે' તેવી નજીવી બાબતે બે પક્ષો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. ગત રાત્રે સાડા આઠેક વાગ્યે થયેલી આ મારામારીમાં લાકડાના ધોકા અને છરી જેવા ઘાતક હથિયારો ઉછળ્યા હતા, જેમાં બંને પક્ષના ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સર.ટી. હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે બંને પક્ષની સામસામે ગુનાહિત ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રથમ ફરિયાદ અનુસાર, ચિરાગભાઈ વજુભાઈ સુમરા ઉ.વ.૨૦ પોતાની બહેનને ટ્યુશનમાંથી લેવા મોટરસાયકલ GJ-04-ER-5418 લઈને નીકળ્યો હતો. ત્યારે હનુમાનજી મંદિર પાસે પાડોશમાં રહેતા રાહુલ ઉર્ફે બુધો અને રાજ ઉર્ફે કાળો પ્રવીણભાઈ સાચીયાએ તેને ઉભો રાખ્યો હતો.અને "અમારી સામે કેમ જુએ છે?" તેમ કહી ગાળો આપી, ઢીકાપાટુનો માર માર્યો હતો. રાજે લાકડાના ધોકા વડે ચિરાગના માથામાં ઘા મારી લોહીલુહાણ કર્યો હતો અને તેની બાઈકમાં પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. આ અંગે પોલીસે BNS કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૨૪(૨), ૫૪ અને જી.પી.એ ૧૩૫ મુજબ ગુનો નોંધ્યો હતો

જ્યારે સામી ફરિયાદમાં, રાજ ઉર્ફે કાળો પ્રવીણભાઈ સાચીયાએ આક્ષેપ કર્યો છે કે ચિરાગ તેમના ઘર સામે જોતો હોય, જેથી તેને ના પાડતા ચિરાગ અને તેના પિતા વજુભાઈ પાલજીભાઈ સુમરા લાકડાના ધોકા અને છરી સાથે ધસી આવ્યા હતા. વજુભાઈએ રાહુલને પકડી રાખ્યો હતો અને ચિરાગે ધોકાનો ઘા રાહુલના માથામાં અને ત્યારબાદ વચ્ચે પડેલા રાજના નેણ પર માર્યો હતો. એટલું જ નહીં, ચિરાગે છરી વડે રાહુલના હોઠ પર વાર કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. પોલીસે આ પક્ષની ફરિયાદના આધારે ચિરાગ અને તેના પિતા વિરૂદ્ધ BNS કલમ ૧૧૮(૧), ૩૫૨, ૫૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ભાવનગરમાં મેઘરાજાની પધરામણી: અસહ્ય ઉકળાટ બાદ વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી

## ભાવનગર શહેર ઉપરાંત બુધેલ, ત્રાપજ, સોસીયા અને સથરા સહીત ગામોમાં વરસાદી ઝાપટા પડ્યાના અહેવાલ

ભાવનગર,તા.૧૮

ભાવનગર શહેર અને પંથકમાં લાંબા સમયના અસહ્ય અકળામણ અને ભારે ઉકળાટ બાદ આખરે મેઘરાજાએ ધમાકેદાર પધરામણી કરી છે. આજે બપોરે આશરે ૧-૩૦ કલાકે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશ વાદળોથી ઘેરાઈ ગયું હતું. ત્યારબાદ શહેરમાં વરસાદ શરૂ થતાં સ્થાનિક રહીશોમાં ભારે આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. દિવસભરની આકરી ગરમીથી તોબા પોકારી ઉઠેલા ભાવનગરવાસીઓને આ વરસાદી ઝાપટાના કારણે ગરમીમાંથી મોટી રાહત મળી છે અને સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

માત્ર ભાવનગર શહેરમાં જ નહીં, પરંતુ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘ મહેર જોવા મળી રહી છે. અહેવાલો મુજબ, જિલ્લાના અન્ય ગામોમાં પણ બપોરના સમયે સારો એવો વરસાદ નોંધાયો છે. ખાસ કરીને બુધેલ, ત્રાપજ, સથરા અને સોસીયા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બપોરે મેઘરાજાનું જોરદાર ઝાપટું પડી ગયું હતું.

આ અણધાર્યા પરંતુ લાંબા સમયથી પ્રતીક્ષિત વરસાદને કારણે ધરતીપુત્રોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય પંથકમાં વરસાદી ઝાપટા પડવાના લીધે ધૂળની ડમરીઓ શાંત થઈ છે અને અસહ્ય બફારાથી પીડાતા લોકોને મોટી શાંતિ મળી છે. પ્રથમ વરસાદના પગલે વાતાવરણ એકદમ આહલાદક બની ગયું છે.

# તળાજાના સરતાનપર રોડ પરથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે 'મેટલો' ઝડપાયો

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશનનો સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન મધ્યરાત્રિએ સરતાનપર રોડ પર એવન પાર્કની સામે આવેલી મજૂર સોસાયટી પાસે પોલીસને દારૂ અંગે ચોક્કસ બાતમી તેના આધારે પોલીસે મેહબૂબભાઈના ગેરેજ આગળ બાવળની કાંટમાં દરોડો પાડ્યો હતો. જ્યાં પ્લાસ્ટિકનો મોટો થેલો લઈને ઉભેલો એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેને સ્થળ પર જ દબોચી લીધો હતો.

પોલીસે પંચોની હાજરીમાં થેલાની તલાશી લેતા તેમાંથી રાજસ્થાન અને ચંદીગઢ માર્કાની અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂ તથા વોડકાની નાની મળી કુલ ૯૪ બોટલો કી.રૂ.૧૨,૬૯૦ મળી આવી હતી. ઝડપાયેલ આરોપીનું નામ પૂછતાં મેહુલ ઉર્ફે મેટલો ભૂપતભાઈ જાદવ ઉ.વ.૨૫, રહે.તળાજા વાળો હોવાનું જણાવેલ. તેની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો એવન પાર્કમાં રહેતો અકરમભાઈ રજાકભાઈ માંડલીયા આપી ગયો હોવાની કબૂલાત કરી હતી. જેથી તળાજા પોલીસે પકડાયેલા મેહુલ ઉર્ફે મેટલાની અટકાયત કરી બંને વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બાવળની કાંટમાં દારૂનો વેપલો કરતો હતો, દારૂ આપનાર બૂટલેગર ફરાર, બંને સામે ગુનો દાખલ

# ભાવનગરમાં ફેમિલી કોર્ટની મુદત બાદ સાથે રહેવા આવેલા પતિ-પત્ની વચ્ચે ખેલાયો જંગ

## સુકુન ફ્લેટમાં નજીવી બાબતે ઝઘડો ઉગ્ર બનતા ધોકા ઉછળ્યા, ગંગાજળિયા પોલીસ મથકમાં બંને પક્ષે સામસામે નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૧૮

શહેરના ભીલવાડા સર્કલ પાસે આવેલા સુકુન ફ્લેટમાં રહેતા દંપતી વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ઘરકંકાસે ગઈકાલે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. બોટાદ ફેમિલી કોર્ટમાં ઘરેલુ હિંસાના કેસની મુદત બાદ સાથે રહેવા સંમત થયેલા પતિ-પત્ની ઘરમાં જ સામસામે આવી ગયા હતા. બંને પક્ષે ગાળાગાળી, ઢીકાપાટુનો માર અને લાકડાના ધોકા વડે હુમલો કર્યાના આક્ષેપો સાથે ભાવનગરના ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદો નોંધાવી છે. જયારે મારામારીમાં ઈજાગ્રસ્ત થયેલા પતિ અને પત્નીને સારવાર અર્થે સર.ટી. હોસ્પિટલમાં ખસેડાયા છે.

બનાવ અંગે પરિણીતા ડોલીબેન ઉર્ફે ફાતીમાબેન સાહિલભાઈ કાસમાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્ન વર્ષ ૨૦૧૭ માં થયા હતા. પતિ સાથે અણબનાવ હોવાથી તેઓ બોટાદ પિયર રહેતા હતા અને કોર્ટ કેસ ચાલુ હતો. ગઈકાલે કોર્ટમાં સમજૂતી થતાં તેઓ પતિ સાથે ભાવનગર સુકુન ફ્લેટ ખાતે રહેવા આવ્યા હતા. રાત્રિના સમયે પતિ સાહિલભાઈએ "મારે તને પત્ની તરીકે સાથે નથી રાખવી, તારા મા-બાપના ઘરે જતી રહે" તેમ કહી ગાળો આપી મોઢા પર ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જયારે બચાવવા આવેલા મામા રફિકભાઈને પણ મૂંઢ માર મારવામાં આવ્યો હતો. પોલીસે પતિ વિરૂદ્ધ BNS કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.જયારે સામી ફરિયાદમાં પતિ સાહિલભાઈ સાકીરભાઈ કાસમાનીએ આક્ષેપ કર્યો છે કે, કોર્ટમાં સંમતિ આપ્યા બાદ જ્યારે તેઓ સાંજે ફ્લેટ પર ગયા, ત્યારે પત્ની ફાતીમાએ "તું અહીં કેમ આવ્યો છે?" તેમ કહી ઝઘડો કર્યો હતો. પત્નીએ તેમને નખથી બાખોડિયા ભરી લીધા હતા. આ દરમિયાન પત્નીના સંબંધીઓ રફિકભાઈ પાંચા, અનીકભાઈ અને જીસાન લાકડાના ધોકા સાથે ધસી આવ્યા હતા.અને ધોકા વડે આડેધડ મૂંઢ માર મારી ઘાયલ કર્યા હતા, તેમજ પત્નીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે આ અંગે પત્ની સહિત ચાર શખ્સો સામે BNS કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સિહોરમાં કારમાંથી રૂ.૨.૧૨ લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયા

## વોડકાની ૨૮૮ બોટલ અને બિયરના ૨૪ ટીન જપ્ત, ૩ સામે સિહોર પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના શિહોર પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો અને સર્કિટ હાઉસ પાસે રોડ પર આવતા ચોક્કસ બાતમી મળી હતી કે, ગરીબશાપીર વિસ્તારમાં ઈસુબ મસ્જિદ પાસે એક સફેદ કલરની ટાટા ઈન્ડિકા વિસ્ટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને બે ઈસમો ઉભેલા છે. પોલીસે પંચોને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ દરોડો પાડ્યો હતો.

પોલીસે સ્થળ પર ઉભેલી કાર નં. GJ-06-AV-9977ને ઘેરી લઈ તપાસ કરતા કારની પાછળની ડીકીમાંથી ખાખી કલરના ૭ બોક્સ મળી આવ્યા હતા. જેમાંથી ચંદીગઢ માર્કાની 'અંકલ ટોમ મિન્ટ એન્ડ જામુન ફ્લેવર્ડ વોડકા' ની ૨૮૮ બોટલ ૫૭,૬૦૦ અને રાજસ્થાન માર્કાના 'કિંગફિશર સુપર સ્ટ્રોંગ પ્રિમિયમ બિયર' ના ૨૪ ટીન રૂ.૪,૮૦૦ મળી આવ્યા હતા. પોલીસે રૂ.૬૨,૪૦૦ ની કિંમતનો દારૂ-બિયર અને ૧,૫૦,૦૦૦ ની કાર મળી કુલ રૂ.૨,૧૨,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસે કારની ડ્રાઈવિંગ સીટ પર બેસેલા ફેજલભાઈ ઈકબાલભાઈ ચુડેસરા ઉ.વ.૨૫ અને બાજુમાં બેસેલા કસીરભાઈ ફારૂકભાઈ પઢીયાર ઉ.વ.૨૭ રહે. શિહોરની ધરપકડ કરી હતી. પૂછપરછમાં આ જથ્થો શિહોરના ધ્રુવરાજસિંહ ખોડુભા ચુડાસમાએ મંગાવી આપ્યો હોવાની કબૂલાત કરી હતી. શિહોર પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘોઘાના થળસર પાસેથી રૂ.૨૦ હજારના વિદેશી દારૂ સાથે બે બુટલેગરો ઝડપાયા

## થળસર સ્મશાન પાસે ઘોઘા પોલીસનું સફળ ઓપરેશન, સપ્લાયર સહિત ત્રણ શખ્સો સામે ગુનો દાખલ થયો

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા તે દરમિયાન સાંજે થળસર ગામના સ્મશાન પાસે બે ઈસમો શંકાસ્પદ હાલતમાં કંતાનનો કોથળો લઈને ઉભેલા મળી આવ્યા હતા. પોલીસે પંચોની હાજરીમાં તપાસ કરતા કોથળામાંથી ગેરકાયદેસર પર-પ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી ચંદીગઢ માર્કાની સ્ટાર ગોલ્ડ પ્રિમિયમ વ્હીસ્કીના ૨૦ નંગ કિં.રૂ.૬,૦૦૦ અને ગ્રાન્ડ પાર્ટી પ્રિમયમ વોડકાના ૪૮ નંગ કિં.રૂ.૧૪,૪૦૦ મળી કુલ રૂ. ૨૦,૪૦૦ નો પ્રોહીબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પકડાયેલા આરોપીઓમાં લાલુભા ઉર્ફે લાલભા ચંદુભા ગોહિલ ઉ.વ.૨૮ અને ક્રિપાલસિંહ વજુભા ગોહીલ ઉ.વ.૨૨ બંને રહે. થળસર વાળાએ.પૂછપરછમાં આ જથ્થો વાટલીયા ગામના મનદીપસિંહ મહેન્દ્રસિંહ સરવૈયાએ પૂરો પાડ્યો હોવાનું ખુલ્યું હતું. પોલીસે ત્રણેય વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, પકડાયેલા બે આરોપીઓની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

## રાજ્ય આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કડક પગલાંના સંકેત સાથે ત્વરિત રિપોર્ટ માંગ્યો

# ભાવનગરની મેડિકલ કોલેજ વધુ એક વખત શર્મસાર ૧૩ જુનિયર તબીબો સાથે તાલિબાની રેગિંગ



ભાવનગર,તા.૧૮

ભાવનગરની સર ટી. હોસ્પિટલના ટ્રોમા સેન્ટર બિલ્ડિંગમાં કાર્યરત ઓર્થોપેડિક વિભાગમાં રેગિંગની એક અત્યંત ચોંકાવનારી અને શર્મસાર કરનારી ઘટના પ્રકાશમાં આવી છે. વિભાગના પ્રથમ વર્ષના ૧૩ જુનિયર રેસિડન્ટ તબીબોને છેલ્લા પાંચેક મહિનાથી દ્વિતીય વર્ષના ૬ સિનિયર રેસિડન્ટ તબીબો દ્વારા આકરી અને અમાનવીય 'તાલિબાની સજા' આપવામાં આવતી હોવાની ઓનલાઈન ફરિયાદ થતાં મેડિકલ આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ગંભીર મામલે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સખત વલણ અપનાવતા તપાસ કમિટીને તેનો રિપોર્ટ સત્વરે રજૂ કરવા આદેશ કર્યો છે.

ભોગ બનનારા જુનિયર તબીબોએ આખરે હિંમત ભેગી કરીને સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી છે, જેમાં સિનિયર તબીબો દ્વારા ગુજારવામાં આવતા ત્રાસની રૂંવાડા ઊભા કરી દે તેવી વિગતો સામે આવી છે. ફરિયાદ અનુસાર, સિનિયર તબીબો જુનિયરો પાસેથી દર મહિને અઢી



લાખ રૂપિયા પડાવતા હતા અને તેમની પાસે દારૂની બોટલો મંગાવતા હતા. આ ઉપરાંત માનસિક અને શારીરિક ત્રાસ આપવા માટે કુકડા બનાવવા, આખી રાત એક પગે ઊભા રાખવા, ટ્રોમા સેન્ટરની બહાર ન નીકળવા દેવા તેમજ જમવા કે સુવાનો પૂરતો સમય ન આપવા જેવી ક્રૂરતા આચરવામાં આવતી હતી. એટલું જ નહીં, એક્સ-રે વિભાગમાં ફરજ દરમિયાન સુરક્ષા માટે જરૂરી લેડ એપ્રન પણ પહેરવા દેવાતા નહોતા અને છેલ્લા ૧૫ દિવસથી જુનિયર તબીબોને ન્હાવા સુદ્ધા દેવામાં આવ્યા ન હોવાની આપવીતી વર્ણવવામાં આવી છે.

### "દોષિતોને બિલકુલ છાવરવામાં નહીં આવે" : આરોગ્ય મંત્રી પાનશેરીયા

આ સમગ્ર મામલો ગાંધીનગર સુધી પહોંચતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ 'સૌરાષ્ટ્ર આસપાસ' દૈનિક ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ પ્રકારની ઘટનાઓમાં દોષિતો સામે આકરા પગલાં ભરવામાં આવશે અને તેમને બિલકુલ છાવરવામાં નહીં આવે. તેમણે વધુમાં ઉમેર્યું કે તાજેતરમાં જ અમદાવાદની એક મેડિકલ કોલેજમાં પણ આવી ઘટના સામે આવતા ત્રણ તબીબી વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાયા છે. ભાવનગરની આ ઘટનામાં પણ તપાસ સમિતિનો રિપોર્ટ આવતા જ ફરિયાદમાં તથ્ય જણાશે તો દોષિતો વિરુદ્ધ કડક અને અનુકરણીય કાર્યવાહી કરવામાં આવશે.

### એન્ટી રેગિંગ સ્કવોર્ડ દ્વારા તપાસનો ધમધમાટ, ડીન મૌન

ઓનલાઈન ફરિયાદના આધારે ભાવનગર મેડિકલ કોલેજમાં છેલ્લા ત્રણ દિવસથી તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. મેડિકલ કોલેજની એન્ટી રેગિંગ સ્કવોર્ડના સભ્યો દ્વારા અત્યાર સુધીમાં ભોગ બનનાર તમામ ૧૩ જુનિયર રેસિડન્ટ તબીબોના નિવેદનો લેવામાં આવ્યા છે. જ્યારે જેમના વિરુદ્ધ ફરિયાદ થઈ છે તેવા ૬ સિનિયર રેસિડન્ટ તબીબોને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. બીજી તરફ, મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન ચિન્મય શાહ આ સમગ્ર સંવેદનશીલ ઘટનાને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા હોય તેમ તેમણે મીડિયાના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું છે.

અગાઉના બે કલંક બાદ વધુ એક વિવાદથી ભાવનગર મેડિકલ કોલેજ ફરી શર્મસાર

ભાવનગર મેડિકલ કોલેજ જાતીય શોષણ અને રેગિંગ જેવી ગંભીર ઘટનાઓને લીધે ફરી વિવાદમાં આવી છે. અગાઉ મે ૨૦૨૩માં જુનિયર વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરનાર રેસિડેન્ટ ડો. હરીશ વૈગીને તપાસ બાદ બે વર્ષ માટે સસ્પેન્ડ કરાયો હતો.જયારે માર્ચ ૨૦૨૫માં છ સિનિયર તબીબોએ નશાની હાલતમાં ત્રણ જુનિયર વિદ્યાર્થીઓનું અપહરણ કરી, માર મારી અને અભદ્ર વિડીયો વાયરલ કરવાની ધમકી આપી રેગિંગ કર્યું હતું. આ ઉપરાઉપરી બનેલી ઘટનાઓએ મેડિકલ કેમ્પસની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

## દર મહિને અઢી લાખ પડાવવા, ન્હાવા-સુવા ન દેવા અને આખી રાત એક પગે ઊભા રાખવા સહિતના અમાનવીય ત્રાસની ફરિયાદથી ખળભળાટ